માસિક

યુવા સાથી

સત્યનો સારથિ

સત્ય મેવ જયતે

વર્ષ - ૧૦, અંક -૫ / મે ૨૦૧૯ ₹૨૦ www.yuvasaathi.com

VISION 2026

Creating Partnership with the Needy

www.vision2026.org.in
hwfindia2026

Purify Your Wealth : Pay Your **ZAKAT** to the **MOST NEEDY**

ORPHAN CARE PROJECT
18,000/- Per Year

SCHOOL KIT PROJECT
1,500/- Per Kit

SELF EMPLOYMENT
Rickshaw | Sewing machine
Rice Mill Unit | E-Rickshaw
8,000-1,50,000/-

DRINKING WATER
Handpump | Submersible | Open Well
35,000-3,00,000

GRAMIN DOSTI
Village Development
10,00,000/- Per Year

SCHOOL PROJECT
New Building & Improving Existing Schools
10,00,000-1,00,00,000/-

MICRO FINANCE
Establishment of Credit Cooperative
2,50,000/-

HOUSING PROJECT
Low Cost House for the Needy Family
1,50,000/-

ORPHANAGE HOSTEL
For 30 Students 50,00,000/-
For 60 Students 80,00,000/-

COMMUNITY LEARNING CENTRE
2,50,000/-

SCHOLARSHIPS
Graduation | Post Graduation
Civil Services
10,000-1,50,000/- Per Year

HEALTH CARE
Medical Camps | Diagnostic Centre
Ambulance | Medical Centre
25,000 - 25,00,000/-

WINTER RELIEF PROJECT | COMMUNITY CENTRE | ADHAHI PROJECT | NAGRIK VIKAS KENDRA | SKILL DEVELOPMENT | WOMEN EMPOWERMENT

Zakat ul Fitr 100/- | Eid Gift 500/- | Iftar Kit for a family 3,000/-

— Core Implementing Partners —

HUMAN WELFARE FOUNDATION | human welfare trust | BRINGING HELP AT HOME | sahulat | mss

HUMAN WELFARE FOUNDATION
E-89, 4th Floor, Hari Kothi Lane, Abul Fazl Enclave,
Jamia Nagar, New Delhi - 110025 (India)
Email : pr@hwfindia.org, Phone : +91 11 29945999
Mob : +91 70428 98301 | 70428 98307

DEPOSIT YOUR DONATIONS

HUMAN WELFARE FOUNDATION

Saving A/C No.	Bank	IFSC
894737750	INDIAN BANK Jamia Millia Islamia, New Delhi-25	IDIB000J029

(email us the detail of transaction with postal address at account@hwfindia.org or whatsapp 7042892026)

Donation to Human Welfare Foundation is eligible for Tax exemption under section 80G of Income Tax Act

માસિક

યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ - ૧૦, અંક - ૫ | મે ૨૦૧૯ | પેજ : ૩૬

www.yuvasaathi.com

facebook.com/yuvasaathimagazine - twitter.com/yuvasaathi

માનદ તંત્રી

ઇબ્રાહીમ શેઠ

સંપાદક મંડળ

ડો. સાકિબ મલિક

જાવેદ આલમ

મુહમ્મદ ઉમર

ફૈસલ અન્સારી

જાબિર માનિગર

જાવેદ અન્સર

મુહમ્મદ કલીમ

મુનવ્વર હુસૈન

95100 08614

Email: yuvasaathi.monthly@gmail.com

વાર્ષિક લવાજમ : રૂા.૨૫૦/-

દરેક નકલ : રૂા. ૨૦/-

વાચકો જોગ સૂચના : જે વાચક મિત્રોનું "યુવાસાથી" માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

વિચારવાની ... એક ક્ષણ

વૈચારિક સંકુચિતતા

આરબ લોકોમાં એક રમત ચાલે છે. વીંછી દેખે એટલે એના ફરતે કૂંડાળું દોરે. જરા જ મોટું હોય. પણ વીંછી એની બહાર ન જાય. અંદર કૂંડાળામાં આમ તેમ દોડે. એટલે કૂંડાળામાં બીજું નાનું કૂંડાળું દોરે. પછી એની અંદર ફેરફુદરડી ફરે. એટલે અંદર એથીય નાનું કૂંડાળું કરે. એમ કરતાં-કરતાં છેવટે વીંછીને ફરવાની જગ્યા જ ન રહે. તોયે એ બહાર તો ન જ નીકળે અને આખરે પોતે જ પોતાને ડંખે!

આપણું પણ આવું જ નથી?

આપણેય આપણાં અહંકારના કૂંડાળા નથી દોરતાં - કોમવાદના, ભાષાવાદના, સિદ્ધાંતના અને રાષ્ટ્રવાદના? એમ સાંકડાં ને સાંકડાં થતાં જઈએ છીએ ને અંતે જાતને જ જાતે ડંખીએ છીએ. જ્યારે જરીકે ચસકવા જેટલી જગ્યા જ ન રહે ત્યારે પાછા સંતોષ માનીએ છીએ કે આપણી જ નિષ્ઠા ખરી છે, ને આપણી જ ભક્તિ ચુસ્ત છે! માનવજાત આજે પોતે જ પોતાને ડંખવાની હાલતમાંથી ગુજરી રહી છે.

અહંકારનું કૂંડાળું જ કરવું હોય તો બ્રહ્માંડ જેવું ખેર ન કરી શકીએ, તોયે પૃથ્વીના છેડાને અડે એવડું તો કરીએ! (સાભારઃ ચેતન શાહ - "સ્પીડબ્રેકર" પુસ્તક)

અહંકાર માનવીને અંદર અને બહારથી ભખ્મ કરી નાખે છે. તેવી વ્યક્તિ ન પોતે સુખેથી જીવે છે ન બીજાને સુખેથી જીવવા દે છે... આવી વ્યક્તિ પોતાના સર્જનહારને પણ ભૂલી જાય છે... નહિંતર પોતાના સર્જનહારને સાચા અર્થમાં ઓળખનાર વ્યક્તિ અહંકારી હોઈ શકે જ નહીં. ● (સંપાદક)

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMIC ORGANISATION OF INDIA GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055**

Editor : Rashid Husain Akhtar Husain Shaikh

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા માટે રોઝા ફરજિયાત કરી દેવામાં આવ્યા, જેવી રીતે તમારા પહેલાં પયગંબરોના અનુયાયીઓ માટે ફરજિયાત કરી દેવામાં આવ્યા હતા. તેનાથી આશા છે કે તમારામાં તકવા (સંયમ અને ઈશભય)નો ગુણ પેદા થશે. " (સૂરઃ બકરહ-૧૮૩)

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ કહ્યું : "જે વ્યક્તિએ (રોઝાની સ્થિતિમાં) જૂઠ બોલવું અને તેના પર આચરણ/ અમલ કરવું ન છોડે તો અલ્લાહને આ (વાત)ની કોઈ આવશ્યકતા નથી કે તે (રોઝા રાખીને) પોતાનું ખાવું-પીવું છોડી દે." (બુખારી)

અનુક્રમણિકા

૦૫	મનોમંથનઃ મહેમાન તંત્રી	ડો. ફારૂક એહમદ
૦૭	શિક્ષણનો ધ્યેય શું?	શકીલઅહમદ રાજપૂત
૧૦	ફેડરેશન ઓફ મુસ્લિમ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન	સંપાદક મંડળ
૧૩	નફરતોના વિચારોનું વૈશ્વિકરણ	મસીહુઝ્ઝમા અન્સારી
૧૪	ઝકાત વ્યવસ્થા કલ્યાણકારી રાજ્યની સ્થાપના માટે આવશ્યક	મુહમ્મદ કલીમ અન્સારી
૧૬	માર્ગદર્શન – રમઝાન સ્પેશિયલ – રોઝાનો ધ્યેય શું છે?	મુહમ્મદ અમીન શેઠ
૧૮	– મનેચ્છાઓનું દમન કે આત્મ-સંયમ	મુહિયુદ્દીન ગાઝી
૨૦	– રમઝાન : એક પ્રશિક્ષણનો મહીનો	ડો. ફારૂકઅહમદ
૨૧	– માનવ, કુર્આન અને રમઝાન	મુહમ્મદ આબિદ ખાન
૨૩	ઇતિહાસની અટારીએથી..	રજૂ.મુહમ્મદ અમીન શેઠ
૨૪	હાસ્ય વિનોદ : મહત્ત્વ અને સીમાઓ	મુહમ્મદ ફારુક ખાં
૨૬	શિકવા-૨	મોહમ્મદ સાઈદ શેખ
૨૯	હની ટ્રેપ	ઉસ્માન ખાન
૩૦	જાગો યુવા જાગો	ધાર્મિક પરમાર 'ધર્મદ'
૩૧	માબાપ માટે એસાઇનમેન્ટ!!	સંપાદક મંડળ
૩૨	જમાઅતે ઇસ્લામી હિંદ પડકારો અને તકો	એ'જાઝ અહમદ અસ્લમ
૩૩	બાળજગત	ખાન યાસિર

(મહેમાન તંત્રી)

મનોમંથન

સત્ય મેવ જયતે

સર્વે દેશવાસીઓ ચાતક નજરે ૨૩ મેની રાહ જોઈ રહ્યા છે. એવામાં બરાબર એના એક મહિના પહેલાં એટલે કે ૨૩ એપ્રિલને મંગળવારે જ્યારે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પ્રક્રિયા ચાલુ હતી ત્યારે જ ગુજરાત ૨૦૦૨ના જઘન્ય ગોધરાકાંડના એક ગંભીર, બિહામણા અને વિચારતાં જ કંપારી છૂટે એવા 'બિલ્કીસબાનુ કેસ'નો સર્વોચ્ચ અદાલતે ચુકાદો સંભળાવ્યો.

મૂળ દાહોદ જિલ્લાના તત્કાલીન ઝાલોદ તાલુકાના (હાલમાં સંજેલી તાલુકો) રણધીકપુર ગામના બિલ્કીસબાનુ ત્રીજી માર્ચ ૨૦૦૨ના રોજ બપોરના સુમારે પોતાની બહેન અને બાળકો સહિત કુટુંબના ૨૦ સભ્યો સાથે એક ટેમ્પો ગાડીમાં પોતાના ગામ રણધીકપુરથી પીપલોદ તરફ જઈ રહ્યા હતા ત્યારે તત્કાલીન રાજ્ય સત્તાધીશો પ્રેરિત ૨૦૦૨ના હત્યાકાંડની શરૂઆત થઈ ચૂકી હતી અને આ લોકોને કંઈક અજુગતું થવાના ભણકાર લાગતાં આખું ટોળું રણધીકપુરથી પીપલોદની વચ્ચે મહીસાગર નદીના પટમાં મુખ્ય માર્ગથી એક ડુંગરની આડમાં સંતાયા, મોડી રાત્રે બે વાગ્યાના સુમારે આખું ટોળું પાણીની તરસ સંતોષવા નજીકના હેન્ડપમ્પ પાસે ગયું ત્યાં જ હેન્ડપમ્પના અવાજથી નજીકમાં જ રહેલા નરાધમો આખા ટોળા પર તૂટી પડ્યા અને બધા જ મૃતકોને આ નારાધમોએ પોતાનું પાપ છુપાવવા સારું આ જ નદીના પટમાં દફનાવી દીધા જો કે આ કેસ ફરી રીઓપન થતા બધા જ મૃતકોને નદીના પટમાંથી કાઢી પોષ્ટમોર્ટમ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારથી એક લાંબા સમય સુધી આ બંને પતિ- પત્ની પણ છૂટા જ પડેલા, જે ઘણા સમયે એક-મેકને મળ્યા હતા.

૨૦૦૨ના જઘન્ય અપરાધ કાંડના મોટા મોટા કેસો પૈકીના આ એક કેસ - 'બિલ્કીસબાનુ કેસ' નો સર્વોચ્ચ અદાલતે ચુકાદો સંભળાવ્યો અને ૨૦૦૨ના જઘન્ય કાંડમાં તત્કાલીન શાસનને જવાબદાર અને કસૂરવાર ઠેરવવાની સાથે પીડિતાને ૫૦ લાખ રૂપિયાનું વળતર, તેની પસંદગીના સ્થળે તેની પસંદગીનું રહેઠાણ અને સરકારી નોકરી સાથેનું આ પ્રકારના કેસમાં પ્રથમ વાર અપાયેલ આવા ચુકાદા અને આવા વળતરથી સામાન્ય જનમાનસમાં ન્યાયપ્રતિ આશાનું એક કિરણ ફરી પ્રજવલિત થયું છે. અહીં સવાલ આટલી મોટી રકમ નો નહીં પરંતુ એક ભારતીય નાગરિકને બંધારણે બક્ષેલ પોતાની આબરૂ-ઈજ્જત અને પ્રતિષ્ઠાનો છે. જ્યારે એક સ્ત્રીને તેની નજર સામે જ તેની સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકીનું પથ્થર પર પટકીને માથું વધેરી મોતને ઘાટ ઉતારવામાં આવી હોય, પોતાના જ ઘરના ૧૭ વ્યક્તિઓની નજર સામે જ કત્લેઆમ કરવામાં આવી હોય, પોતાની ગર્ભાવસ્થામાં જ ૧૦ જેટલા નરાધમ અને પિશાચો પોતાની પર તૂટી પડ્યા હોઈ પોતાનું સર્વસ્વ લૂંટાઈ અને બરબાદ થઈ ગયું હોય એવામાં ૧૭ વર્ષોના લાંબા ગાળે અથાક પ્રયત્નો અને વેદનાઓ સહિત ધમકીઓના માનસિક, શારીરિક અને આર્થિક તેમજ સામાજિક ત્રાસના અંતે મળેલ આ વળતર ચોક્કસ ન્યાય પ્રત્યેની આસ્થા ઉજાગર કરવામાં અને ક્ષુલ્લક સંતોષ માટે જ પૂરતું ગણી શકાય. આ ૧૭ વર્ષ દરમ્યાન તેણીએ દાહોદ તાલુકાના દેવગઢ બારિયાની રહીમાબાદ રિલીફ કોલોની સહિત દાહોદ, અમદાવાદ, વડોદરા અને આ પછી રાજ્ય બહાર પણ તે રાજ્ય-ગુજરાત કે જેના વિકાસનું મોડલ દેશભરમાં બતાવાઈ રહ્યું છે, તે ગુજરાત કે જ્યાં એકવાર મુલાકાત કરવા પ્રવાસીઓ, ઉદ્યોગકારો અને આમ જનતાને આમંત્રિત કરાય છે, એ ગુજરાત કે જેના તત્કાલીન પ્રશાસકને સદીઓનો નાથ બતાવાઈ રહ્યો છે, હા! આ એ જ ગુજરાત કે જેના જઘન્ય હત્યાકાંડ થકી જ સતત સીડીઓ ચઢી ભારતનો નાથ બનવા તરફ આગળ થવાયું, આ પછી તેણી પોતાના પતિ અને ચાર બાળકો સાથે મુંબઈ, દિલ્હી, લખનૌ સહિત પોતાના ૨૦-૨૦ સરનામા બદલતાં

બદલતાં આખરે ૨૩ એપ્રિલે પ્રથમવાર લોકશાહીને મજબૂત કરવા બંધારણ પ્રતિ પોતાનું માન અને સન્માન સ્પષ્ટ કરવા સારું પોતાની જિંદગીમાં પ્રથમવાર દેવગઢ બારિયામાં ફાસીવાદ સામે પોતાના એક પીડિત વોટથી મતદાન કરી લગભગ ફાસીવાદ સામે બન્ડ પોકાર્યું છે, હવે આપણા સૌની ૨જ- ૨જનો જાણનાર અને સૌ માનવ મૃત્યુ પછી બદલાના દિવસે જેની સામે પોતાની જિંદગી સંદર્ભે જવાબદેહ છે તેવા આપણા સૌના સર્જનહાર અને પાલનહાર ઈશ્વર -અલ્લાહ દ્વારા આવા અતિ પીડિત વોટથી ફાસીવાદના મૂળિયા ઉખડી જાય અને બહેન બિલ્કિસબાનુને એક ઔર ન્યાય પ્રાપ્ત થાય એવુ પ્રાર્થીએ.

આટલું જ વળતર મળ્યા પછી પણ, આ રકમનો કેટલોક ભાગ પોતાના જેવા જ કોમવાદી અત્યાચારથી પીડિત અને ન્યાય માટે ઝઝૂમી રહેલાઓ માટે અને પોતાની દીકરી સાલેહાના કમકમાટી ભર્યા મોત માટે તેણીની યાદમાં પીડિતોના બાળકોના સારા ભવિષ્ય માટે તેમના શિક્ષણ પાછળ ખર્ચ કરવાનું ખુદ બિલ્કીસબાનુએ બુધવારે દિલ્હીમાં હકડેઠઠ ભરેલી પત્રકાર પરિષદમાં પોતાના પતિ અને આખાય ન્યાયસફરમાં સતત સાથ આપનારા યાકૂબખાન સાથે અશ્રુભીની આંખોએ જણાવ્યું હતું અને તેણીએ એમ પણ કહ્યું કે તે આખીય ન્યાયસફરના અંતે પોતાના અથાક સંઘર્ષ પછી પોતાની મોટી દીકરીને વકીલાત પણ કરાવશે જ.

બહેન બિલ્કિસબાનુને આટલા વળતર સિવાય આવા જઘન્ય કાંડના નરાધમોને વર્ષ ૨૦૦૮માં મુંબઈ ખાસ કોર્ટે બે પોલીસ અધિકારીઓ સહિત કુલ અગિયાર આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી હતી, જેને મે-૨૦૧૭માં મુંબઈ વડી અદાલતે યોગ્ય ઠરાવી છે. આ આખીય લાંબી લડાઈ અને સંઘર્ષમાં બિલ્કીસબાનુ એકલી જ ન હોતી પરંતુ અહીં તે આદિવાસી સ્ત્રી અને તેના પરિવારને પણ યાદ કરવા જોઈએ કે જેણે તેણીને કપરા સમયે મદદ કરી અને કપડા અને આશરો આપ્યો એટલું જ નહીં બલ્કે છેક સુધી તેની સાથે તેની સાક્ષીની રીતે ટકી રહી. ગુજરાત જેવા રાજ્યમાં આમ કોઈની સાક્ષી પર ટકી રહેવું સામાન્ય ખેલ નથી. આ ઉપરાંત તે આ ૧૭ વર્ષો દરમ્યાન જ્યાં જ્યાં પણ ગઈ અને રહી ત્યાં તેને સતત સાથ અને હૂંફ આપનારાઓનો પણ બહુ મોટો ફાળો ગણાય. અહીં, એ યાદ રાખવું જરૂરી છે કે, આમાંથી કોઈને તેણીની સાથે કોઈ રક્ત-બંધન ન હતું કે ના જ કોઈ જાતિ-જ્ઞાતિના સંબંધ, કે ના જ કોઈ ધાર્મિક સંબંધ હતા પરંતુ તે સૌ કોઈ બિલ્કીસબાનુને પોતાની ભારતીય નાગરિક સમજતા હતા અને તે સૌએ ન્યાયના આ સંઘર્ષમાં ન માત્ર બિલ્કીસબાનુને પોતાની નાગરિકતા પુરવાર કરવામાં મદદ કરી પરંતુ તે સૌએ આ કેસમાં પોતાની પણ નાગરિકતા પુરવાર કરી અને તેનો હક પણ નિભાવ્યો. નાગરિકતા આમ એકલા જ નહીં પરંતુ સૌ સાથે મળીને જ પ્રાપ્ત કરી શકાય છે અને રાષ્ટ્રીયતા પણ સૌ સાથે મળીને જ પુરવાર કરી શકાય છે. અને આ જ બંધુત્વની ભાવના આપણા અંદર પ્રગટ કર્યા વિના શક્ય જ નથી કે આપણે બાકીના ત્રણ આધાર- આઝાદી, સમાનતા અને ન્યાય પ્રાપ્ત કરી શકીએ.

બિલ્કીસબાનુના કેસથી કેટલીક બાબતો ભારતીય માનવ સમાજ માટે સ્પષ્ટ તરી આવી છે કે, (૧) એક સામાન્યજનને પોતાની જાતને ભારતીયતા મેળવવી સામાન્ય બાબત નથી. અહીં ઉલ્લેખ ભારતમાં રહેવા માત્રનો નથી પરંતુ એક ભારતીય તરીકે બંધારણે બક્ષેલ મૂળભૂત અધિકારો સાથે ખરા અર્થમાં ભારતીયતા પ્રાપ્ત કરવાનો છે. (૨) ચોક્કસ પાપ છાપરે ચઢી પોકારે જ છે અને દોષિતોને કાલે ક્યામતના દિવસે સૃષ્ટિના સર્જનહાર સમક્ષ તો યોગ્ય અને આકરી સજા મળશે જ, પરંતુ અહીં પણ નામોશી તો મળે જ છે (૩) ન્યાય મોડાં મોડાં પણ સત્ય પુરવાર કરે જ છે અને ચોક્કસ પ્રાપ્ત થાય જ છે. (૪) પોતાના આકાઓના ઈશારે કરાયેલા કુકર્મો અંતે તો પોતાને જ ભોગવવા પડે છે, આકા તો હાથ અધ્ધર કરી તમાશો જોયે રાખે છે અને અંતે ભોગવવાનું પોતાના કુટુંબને જ આવે છે. (૫) ૨૦૦૨ના જઘન્ય હત્યા કાંડના અન્ય બધા જ કેસો નરોડા હત્યાકાંડ, સરદારપુર હત્યા કાંડ, વિસનગરના દીપડા દરવાજા હત્યા કાંડ, કીડિયાદ હત્યાકાંડ, પાંડરવાડા હત્યાકાંડ વગેરે અનેકમાં પણ હવે ન્યાયની આશા બંધાઈ છે અને ચોક્કસ બધા જ કેસોમાં સૌ પીડિતોને પણ ન્યાય પ્રાપ્ત થશે જ અને અંતે (૬) આ બિલ્કીસબાનુ કેસ દરેક ભારતીયને સાંભળવો અને સમજવો જરૂરી છે અને આ ૨૩ એપ્રિલની મહત્તા નોંધવા જેવી છે કારણકે, આ જ દિવસે દેશની સર્વોચ્ચ અદાલતે બિલ્કીસબાનુ સાથે થયેલા અન્યાયનો યથાયોગ્ય હિસાબ કર્યો છે. આ બિલ્કીસબાનુનો આખો કેસ ન માત્ર આપણી આંખો આંસુથી ભરવા સારું કે તેણીની ઉપર આપણી દયા ઉપજાવવા સારું જ છે પરંતુ ધીરજ, ચીવટ, અથાગ મહેનત અને સતત સંઘર્ષને સમજવા માટે અત્યંત જરૂરી છે કે જેના વગર નાગરિકતાનો કોઈ અધિકાર જ રાખી શકાતો નથી.

● ડૉ. ફારૂક એહમદ

પૈગામ

● *શકીલઅહમદ રાજપૂત*

શિક્ષણનો ધ્યેય શું?

એક સામાન્ય પ્રશ્નના જુદા જુદા જવાબો વિદ્યાર્થી તરફથી મળી રહે છેઃ 'ભણી-ગણીને જીવનમાં સેટ થઈ જવું છે'. કોઈ કહે છેઃ 'પૈસો કમાવવો છે'. કેમકેધનથી જ સ્વપ્નો પૂર્ણ થઈ શકે છે.તો કોઈ એમ કહશે કેઃ 'સારા પદ-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા છે'.આ જવાબો સંપૂર્ણપણે ખોટા નથી, મારા મતે ગૌણ છે.

વર્તમાન પરિસ્થિતિઃ

નરી વાસ્તવિકતા પણ કંઈક આવી જ છે. આજનું યુવાધન એવા જ હેતુઓ પાછળ ઘેલું થયું છે. હું માત્ર વિદ્યાર્થી સમુદાયની વાત નથી કરતો, સામાન્યપણે વાલીઓ પણ કંઈક આવી જ માનસિકતા ધરાવે છે. એટલે જ તેઓ શિક્ષણ પાછળના ખર્ચને ઈન્વેસ્ટમેન્ટ સમજે છે. અને સારી એવી નામ ધરાવતી શાળાઓમાં ભારે ડોનેશન આપવા માટે તૈયાર થઈ જાય છે.ઓછુ વત્તું શાળા વ્યવસ્થાપકો પણ સમાન બીમારીથી પીડાય છે. હું એક શાળામાં મળવા માટે ગયો. ત્યાં પ્રિન્સિપાલના ટેબલ પર મૂકેલું પાટિયું જોઈ હું થોડાક સમય માટે અવાક થઈ ગયો. તેના પર લખેલું હતું ''Take care your Customer''. ધ્યેય બિલકુલ સ્પષ્ટ છે. શાળાઓ હોય કે શિક્ષકો બધાને એક જ ચિંતા હોય કે બાળકોનું પરિણામ ૧૦૦ ટકા આવવું જોઈએ. સો ટકા પરિણામનો વિચાર ખોટો નથી પરંતુ તેના માટે વિદ્યાર્થીઓ જે માનસિક દબાણમાંથી પસાર થાય છે તે કલ્પી ન શકાય. શિક્ષણ જગતમાં નામના ધરાવતી એવી નવોદય વિદ્યાલયના કે જેની ભારતભરમાં ઘણી શાખાઓ છે, પાછલા ૫ વર્ષમાં ૪૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, જે ખૂબ જ ચોંકાવનારી અને દુઃખદ ઘટના છે. અને પરિણામો પછી પણ આત્મહત્યાના બનાવો સામે આવે છે અને એમાં નિષ્ફળ થતા વિદ્યાર્થીઓ જ નહિ બલ્કે હોંશિયાર બાળકો જેમના ધાર્યા કરતાં અથવા તો વાલીઓની અપેક્ષા મુજબ માર્કસ ન આવતાં આવા ભયંકર પગલા ભરી લે છે.

સામાજિક પ્રભાવ શું છે?

શિક્ષણના સાચા ધ્યેયથી વાકેફ ન હોવાના કારણે બધી જ માનવીય સંવેદનાઓ મરી પરવારી છે. ભારત જે રીતે વિજ્ઞાન અને વિકાસના માર્ગે હરણફાળ ભરી રહ્યું છે તેવી જ રીતે માનવતા અને નૈતિકતા પાતાળમાં ધસતી જઈ રહી છે. આ જ કારણ છે કે દેશને સ્વતંત્ર થયે ૭૧ વર્ષ થઈ ગયા પરંતુ ભ્રષ્ટાચાર ફૂલીફાલી રહ્યો છે. આ જ સંકુલોમાંથી પ્રશિક્ષણ મેળવીને નીકળી રહેલા યુવાનો મશીનની જેમ કામ કરી રહ્યા છે. શિક્ષણ વિષે સમાજની સામૂહિક માનસિકતા આવી હોય તો તેનાથી માનવીય અભિગમ ધરાવતા સારા અને સંસ્કારી નેતૃત્વની અપેક્ષા રાખી ન શકાય.

મને આ વાત કહેતાં સંકોચ નથી કે પોતાના જીવનના જે સ્વપ્નો પોતે સાકાર ન કરી શક્યા વાલીઓ એ બધી આશા પોતાના બાળકથી રાખે છે. અને અતિરેક તો જુઓ!! માત્ર ભણતરમાં

જ નહિ દરેક ઈતર પ્રવૃત્તિઓમાં પણ તેમને પ્રથમથી નીચે કોઈ રેન્ક જોઈતું નથી. એટલે કે બાળક એક અને એના ખભા પર ભાર ૫ બાળકોનું. આ કેવો પ્રેમ, ને આ કેવી કેળવણી? જયારે ધન, દૌલત અને પદ-પ્રતિષ્ઠા જ બધું હોય અને આવા જ સામૂહિક વાતાવરણમાં બાળકનો ઉછેર થાય તો ભણી-ગણીને માતા-પિતાને વૃધાશ્રમ મોકલે તો જ નવાઈ!!

નૈતિકઅધઃપતન

આ ભૌતિકવાદી માનસિકતાના કારણે આવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે માણસ પોતાની આબરૂ અને સ્વમાન સાથે પણ સોદો કરી લે છે. બોલીવુડની દુનિયામાં થતું કાસ્ટિંગ કાઉચ કે સ્ત્રી સશક્તિકરણના જગતમાં થતી ''MeeToo'', બઢતી માટે સહજ રીતે સ્વીકારાતું શારીરિક શોષણ અને ચાટુકારિતા. જૂઠ,દગા,દંભની બોલ-બાલા અને વધતા જતા ક્રાઈમ્સ, ગુંડાગર્દી અને કોમવાદ તેના જ પરિણામો છે. કેમ માનવોના ટોળા વચ્ચે વ્યક્તિ પોતાની જાતને એકલી અટૂલી અને નિઃસહાય હોવાનું અનુભવે છે. મારૂં દઢ રીતે માનવું છે કે તેનું કારણ જ્ઞાન પ્રાપ્ત કરવા કે શિક્ષણ આપવાના ધ્યેયનું ખોટું હોવું કે ગુમ થઈ જવું છે.

ધ્યેયનું નક્કી હોવું

આપણને ઘણી વાર રેલ્વે સ્ટેશન પર જવાનું થયું હશે. આરક્ષિત ટિકિટના કિસ્સામાં આપણે સૌથી પહેલાં ડિસ્પ્લે થતી વિગતોને જોઈએ છીએ કે આપણે જયાં જવાનું છે એ ટ્રેન ક્યારે અને ક્યા પ્લેટફાર્મ પર આવી રહી છે. અને જો ટિકિટ ન હોય તો પહેલાં જયાં જવાનું હોય ત્યાંની ટિકિટ લઈએ છીએ. ક્યારેય પણ એમ જ કોઈ પણ ટ્રેનમાં નથી બેસી જતા. એટલે ધ્યેયનું નક્કી થવું અને સાચી ટ્રેનને પકડવાથી જ નિર્ધારિત સ્થાને પહોંચી શકાય છે. શિક્ષણ કોઈ તમાશાબાજનો તમાશો નથી કે મનોરંજન લઈને નીકળી ગયા. એ તો નિર્ધારિત નિશાને પહોંચવાનો પાટો છે. આજની શિક્ષણ વ્યવસ્થાએ જે હેતુ નિર્ધારિત કર્યો છે તેના મુજબ જ પ્રોડક્ટ તૈયાર થઈ રહી છે.મોટા-ભાગે તો વિદ્યાર્થીઓ કોઈ ધ્યેય વગર જ ભણતા હોય છે. અને જાગૃત માતા-પિતા કે શાળા મેનેજમેન્ટ સારૂં હોય તો તેમને એક ધ્યેય નક્કી કરવામાં મદદ કરે છે. એ ધ્યેય શું હોય સારા ડોક્ટર બનવું છે, એન્જીનિયર બનવું છે, સિવિલ સર્વિસની પરીક્ષા કેક કરવી છે, વગેરે. અને આ ધ્યેયપ્રાપ્તિમાં વિદ્યાર્થીઓને થોડી ઘણી સફળતા પણ મળે છે. પરંતુ જો તમે ધ્યેય પ્રાપ્ત ન કરી શક્યા તો તમે ડફોળ છો!! નિષ્ફળ છો ? !! ના, કદાપી નહિ વ્યક્તિને પારખવાનું આ માપદંડ જ ખોટું છે.

સાચું લક્ષ્ય શું ?

જો આપણે દેશ માટે સાચે જ ગંભીર હોઈએ અને સમાજમાં સકારાત્મક પરિવર્તન ઈચ્છતા હોઈએ તો શિક્ષણનું સાચું ધ્યેય નક્કી કરવું પડશે. અને એ ધ્યેય હોઈ શકે દેશને શ્રેષ્ઠ નેતૃત્વ પૂરૂં પાડવા સારા માનવીઓનું નિર્માણ.કેમકે જો એક બાળક સારો માનવી બની જાય તો તેનું જીવન સાકાર થયું કહેવાય, પછી ભલે તે વિદ્યાર્થીકાળમાં નિર્ધારિત કરેલ ધ્યેયને પ્રાપ્ત ન કરી શક્યો હોય. અને જો તે એક સારી વ્યક્તિ ન બની શકે તો ભલે કોઈ મોટી ડિગ્રી અને ખૂબ પ્રતિષ્ઠા મેળવી લે, પરંતુ તે નિષ્ફળ કહેવાશે. બાળકોમાં સ્પર્ધાની નહિ સહકારની ભાવનાનો વિકાસ કરવો જોઈએ. તેને બીજા કહેવાતા હોશિયાર વિદ્યાર્થીઓનો દાખલો આપી તેમાં હીન ભાવના પેદા ન કરો. હા, જો તેને સ્પર્ધામાં જ ઉતારવું હોય તો પોતાની સાથે જ સ્પર્ધા કરવા દો. તેને પોતાનો જ રિકોર્ડ બ્રેક કરવા પ્રેરિત કરો. અને તેનું મૂલ્યાંકન તેના ચરિત્રથી કરો.અલ્લાહ તઆલાએ દરેક વ્યક્તિને જુદી જુદી પ્રતિભા અને વિશેષતાઓ આપી ને પેદા કરી છે.(કુર્આન,૪:૩૪)

શિક્ષણની વાસ્તવિકતા

સાચી વાત આ છે કે ભૌતિકવાદના ઓથા હેઠળ આવા ઉચ્ચ મૂલ્યો ઉત્પન્ન કરી શકાય નહીં, જેવું વાવ્યું હોય તેવું જ પાક મળે છે.આંબાના વૃક્ષથી સફરજનની અપેક્ષા રાખવી મૂર્ખામી છે. જ્ઞાન માત્ર અલ્ફા બીટા ભણાવવાનું કે ગણિતના પ્રમેયો ઉકેલવાનું, કેમેસ્ટ્રીની પ્રક્રિયા ગોખવાનું

સાચી વાત આ છે કે ભૌતિકવાદના ઓથા હેઠળ આવા ઉચ્ચ મૂલ્યો ઉત્પન્ન કરી શકાય નહીં, જેવું વાવ્યું હોય તેવું જ પાક મળે છે. આંબાના વૃક્ષથી સફરજનની અપેક્ષા રાખવી મૂર્ખામી છે. જ્ઞાન માત્ર અલ્ફા બીટા ભણાવવાનું કે ગણિતના પ્રમેયો ઉકેલવાનું, કેમેસ્ટ્રીની પ્રક્રિયા ગોખવાનું કે આંકડાકીય માહિતી મેળવવાનું નામ નથી. જ્ઞાનસત્યને જાણવાનું અને વાસ્તવિકતા સુધી પહોંચવાનું નામ છે. જ્ઞાન જીવનના ઉદ્દેશ્યને પામવાનું અને જગતના ગુઢ રહસ્યોને સમજવાનું નામ છે....

કે આંકડાકીય માહિતી મેળવવાનું નામ તો નથી. જ્ઞાન સત્યને જાણવાનું અને વાસ્તવિકતા સુધી પહોંચવાનું નામ છે.જ્ઞાન જીવનના ઉદ્દેશ્યને પામવાનું અને જગતના ગૂઢ રહસ્યોને સમજવાનું નામ છે.

જ્યાં સુધી જીવનના ઉદ્દેશ્ય સાથે આપણી શિક્ષણ પ્રણાલીનું મિલન ન થાય ત્યાં સુધી આ ફિલ્મી જીવનના સુખદ પરિણામો નહિ મળે. અને બીજું આપણો પ્રિય દેશ ભારત કે "વિવિધતામાં એકતા" જેની વિશેષતા હોય, જ્યાં વિવિધ ધર્મ, રંગ, જાતિ, ભાષાના લોકો સાથે રહેતા હોય, જેના મૂળમાં ધર્મ પ્રત્યે અતૂટ આસ્થા હોય, તેવા ભારતમાં ધર્મનું સાચું શિક્ષણ આપ્યા વગર કોમી સૌહાર્દની પરિકલ્પના કેવી રીતેકરી શકાય. માનવતા અને નૈતિકતા એ ધર્મોએ આપેલા શબ્દો છે. આ મૂલ્યોના વિકાસમાં ધર્મ વિશેષ ભૂમિકા ભજવી શકે છે. શર્ત એ છે કે યોગ્ય અને વિશુદ્ધ રીતે બાળકોને પીરસવામાં આવે. જે વસ્તુઓ ધર્મો વચ્ચે સમાન છે તેનું જ્ઞાન જેવું હોય તેવું આપવામાં આવે. જ્યાં અસમાનતા છે ત્યાં કોઈ વસ્તુ ઠોકી બેસાડવાના બદલે માર્ગદર્શન આપી બાળકની તાર્કિક બુદ્ધિ પર છોડી દેવામાં આવે. પૃથક્કરણ માત્ર રસાયણશાસ્ત્રનો જ વિષય નથી એ સિધ્ધાંત ધર્મમાં પણ લાગુ પાડી શકાય. કુર્આને માત્ર પોતાની સત્યતાનો ઉલ્લેખ નથી કર્યો બલ્કે તટસ્થ મન-મસ્તિષ્કે વિચાર-મનન કરશો તો એ સત્યતા પોતે પુરવાર થઈ જશે. (કુર્આન-૪૧-૫૩)

પ્રભાવકારી વ્યવસ્થા કેવી રીતે

કોઈ પણ સમાજની રચનામાં ત્રણ વસ્તુઓ મુખ્ય ભાગ ભજવે છે.એક છે ગુણ, બીજું છે એ ગુણને ઈંટરલાઈઝ કરવા માટેનું પ્રેરક બળ અને ત્રીજું છે ઈચ્છિત પરિણામ એટલે નિર્ધારિત ધ્યેય.હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે કેવા દેશનું નિર્માણ કરવા માંગીએ છીએ.બહુસાંસ્કૃતિક સમાજમાં કેવું સૌહાર્દ જોવા માગો છો, માનવતાને કયા ઉચ્ચ સ્થાને બિરાજમાન જોવાની ઈચ્છા ધરાવો છો, તે ધ્યેયને નજર સમક્ષ રાખી તેના મુજબ પાઠ્યક્રમ બનાવો,જ્ઞાન પીરસો અને શિક્ષણ આપો. ત્રીજો અને સૌથી મૂળ પ્રશ્ન છે કે તેના માટેનું પ્રેરક બળ શું હોય. તેના માટે ધર્મોમાં પરલોકના જીવનનું વર્ણન જોવા મળે છે, જેનો આધાર વર્તમાન જીવનના કર્મો ઉપર છે. આ આસ્થા જેટલી સાચી અને દૃઢ હશે તે તેટલું જ પ્રેરકબળનું કાર્ય કરશે. એટલે બાળકોને શરૂઆતથી જ એવી રીતે ઉછેરવામાં આવે કે ઈચ્છિત મૂલ્યો તેમના જીવનનો અભિન્ન હિસ્સો બની જાય. બાળપણથી જો વિદ્યાર્થીમાં નૈતિક મૂલ્યોનું સિંચન, પ્રેમ અને સદ્‌ભાવની ભાવના, ધૈર્ય અને સહિષ્ણુતા જેવા ગુણો પેદા કરવામાં આવે તો ભાવિના ભારતનું દૃશ્ય કેવું આહ્‌લાદક હશે તે કલ્પી શકાય. આપણે લોકોમાં કેવી સામાજિકતા જોવા માંગીએ છીએ, નાગરિકોમાં કેવું સેન્સ જોવા માંગીએ છીએ, માનવીનું કેવું ચારિત્ર્ય જોવા માગીએ છીએ, એ બધા વિષયોને આપણા પાઠ્યક્રમમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ. આપણા સંકુલોમાં આ ગુણોને પ્રાયોગિક ધોરણે આપવાની સુંદર વ્યવસ્થા હોવી જોઈએ. —●—

જ્યાં સુધી જીવનના ઉદ્દેશ્ય સાથે આપણી શિક્ષણ પ્રણાલીનું મિલન ન થાય ત્યાં સુધી આ ફિલ્મી જીવનના સુખદ પરિણામો નહિ મળે. અને બીજું આપણો પ્રિય દેશ ભારત કે "વિવિધતામાં એકતા" જેની વિશેષતા હોય, જ્યાં વિવિધ ધર્મ, રંગ, જાતિ, ભાષાના લોકો સાથે રહેતા હોય, જેના મૂળમાં ધર્મ પ્રત્યે અતૂટ આસ્થા હોય, તેવા ભારતમાં ધર્મનું સાચું શિક્ષણ આપ્યા વગર કોમી સૌહાર્દની પરિકલ્પના કેવી રીતેકરી શકાય. માનવતા અને નૈતિકતા એ ધર્મોએ આપેલા શબ્દો છે. આ મૂલ્યોના વિકાસમાં ધર્મ વિશેષ ભૂમિકા ભજવી શકે છે. શર્ત એ છે કે યોગ્ય અને વિશુદ્ધ રીતે બાળકોને પીરસવામાં આવે. જે વસ્તુઓ ધર્મો વચ્ચે સમાન છે તેનું જ્ઞાન જેવું ને તેવું આપવામાં આવે. જ્યાં અસમાનતા છે ત્યાં કોઈ વસ્તુ ઠોકી બેસાડવાના બદલે માર્ગદર્શન આપી બાળકની તાર્કિક બુદ્ધિ પર છોડી દેવામાં આવે...

Prince Fabrication

Akil bhai M. 9426584514
Ismail bhai M. 9409407917
Ibrahim bhai M. 9723713519



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD-380024(O): 079-22742658

સંસ્થા પરિચય

● *સંપાદક મંડળ*

ફેડેરેશન ઓફ મુસ્લિમ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન (ભારત)

આપણે સૌ ઇસ્લામમાં ઇલ્મ અને તાલીમના મહત્ત્વ વિશે ખૂબ સારી રીતે વાકેફ છીએ. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે જ્યાં સુધી ઉમ્મતે આ વાતને યાદ રાખી ત્યાં સુધી પોતે પણ સમગ્ર વિશ્વમાં એક ખાસ મુકામ પર બિરાજમાન રહી અને વિશ્વના અન્ય સમુદાયોને પણ માનવતાનો વિશિષ્ટ પાઠ શીખવાડતી રહી. પરંતુ ત્યાર બાદ તેને જયારે અલ્લાહ અને મુહમ્મદ સ.અ.વ. એ આપેલ તાલીમ અને પ્રશિક્ષણના વિશેષ પાઠને ભુલાવી દીધો ત્યારે તે નેતૃત્વના સ્થાનથી ઉતરીને ગુલામી અને મજલૂમીની એક ઊંડી ખાઈમાં જઈ પડી. આ પ્રક્રિયાની અંતિમ પરિસ્થિતિનું વર્ણન કરવાની જરૂર એટલા માટે નથી કે તેનો પ્રત્યક્ષ અનુભવ આપણે આજે આપણા દેશ ભારતમાં જ કરી રહ્યા છે. આપણે જે ભારતમાં આજે વસી રહ્યા છે તેમાં વર્ષો સુધી મુસલમાનો એ વિવિધ સ્વરૂપમાં પોતાનું યોગદાન આપ્યું છે પરંતુ સત્તાના સ્થાનેથી જે વિશેષ પ્રયત્નો સામાન્ય જન માટે ઇસ્લામે આપેલ મૂલ્યો આધારિત શિક્ષણ-પ્રશિક્ષણ માટે જે પ્રયાસ થવા જોઈએ તે નથી થયા. જેના લીધે જેમના પાસે સત્તા હતી તેમને સત્તા ગુમાવી અને મુસલમાનો એ એક સમુદાય હોવાની હેસિયત ગુમાવી દીધી. જેની અસર આજે આઝાદીના ૭૦ વર્ષો પછી પણ જોવા મળે છે. આજે પરિસ્થિતિ એવી થઈ છે કે જે સમુદાય વિશ્વમાં નેતૃત્વ અને માર્ગદર્શન માટે ઉઠાવવામાં આવી હતી તે આઝાદી પછીના ભારતમાં લોકતાંત્રિક માળખામાં પોતાનું પ્રતિનિધિત્વ કરવામાં પણ નિષ્ફળ સાબિત થઈ છે. મોટાભાગે તેના

ફેડરેશનના મહત્ત્વના ઉદ્દેશ્યો અને હેતુઓ નીચે મુજબ છેઃ

૧. શિક્ષણ સંસ્થાઓને યોગ્ય બંધારણીય હક્કો ઉપલબ્ધ કરાવવા અને જાગૃતિ માટે જાણકારી અને કાનૂની મદદ.

૨. શિક્ષણ ક્ષેત્રે મુસ્લિમોને બંધારણ દ્વારા આપવામાં આવેલ વિવિધ અધિકારોને બહાલ રાખવા માટે પ્રયાસ.

૩. શિક્ષણ સંસ્થાઓના સર્વાંગી વિકાસ અને તેનું સ્તર ઊંચું લાવવા માટે માર્ગદર્શન અને મદદ.

૪. સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી વિવિધ સહાય અને સહુલતોની જાણકારી તથા ઉપલબ્ધ કરાવવા માટે માર્ગદર્શન અને સહાય.

૫. સરકારની શિક્ષણને લગતી વિવિધ યોજનાઓની જાણકારી મેળવવા માટે મદદ.

૬. મુસ્લિમ સમુદાયના યોગ્ય વિકાસની સાથે સાથે તેમની ઓળખ બાકી રહે તે માટે સમકાલીન શિક્ષણની સાથે દીની શિક્ષણ મળી રહે તે માટે પ્રયાસ.

૭. પોતાની જરૂરત મુજબના અભ્યાસક્રમની રચનામાં તથા તેને લાગુ કરવા માટે માર્ગદર્શન અને કાનૂની મદદ.

૮. જે અભ્યાસક્રમ હાલ લાગુ છે તેમાંથી વાંધાજનક બાબતોને હટાવવા માટે દરેક પ્રકારની કાયદાકીય કાર્યવાહી.

૯. શૈક્ષણિક નીતિ ઘડતરમાં મુસ્લિમોનો અવાજ યોગ્ય પ્લેટફોર્મ સુધી સંભળાય તે માટેનું આયોજન.

૧૦. શૈક્ષણિક સર્વેનું અવારનવાર આયોજન કરી ધ્યાનમાં આવતી વિવિધ બાબતો ઉપર ચર્ચા વિચારણા અને યોગ્ય નિવારણ માટેનું આયોજન.

૧૧. મિલ્લતમાં શિક્ષણના વિસ્તરણ માટે અને આ બાબતને વધુ વેગવંતી બનાવવા માટે મિલ્લતની વિવિધ સંસ્થાઓ, અંજુમનો અને જમાઅતો વચ્ચે સહયોગ અને સહકાર માટે પ્રયાસ.

ફેડરેશન વિશેની વધુ જાણકારી મેળવી શકાય છે...
ડૉ. ઈફ્તેખાર મલિક,
કો-ઓર્ડિનેટર, ગુજરાત ચેપ્ટર
મો. ૯૮૯૮૭૮૫૮૧૪
ઈમેલઃfmeii.gujarat@gmail.com
વેબ.:http://fmeii.org/

સાથે અન્યાય થતો રહ્યો છે તે વાત બિલકુલ સાચી છે પરંતુ આમાં બીજાને દોષારોપણ કરવા કરતાં પોતાના તરફથી થઈ ગયેલી ભૂલો અને દોષો તરફ આપણું ધ્યાન વધારે કેન્દ્રિત કરવાની જરૂર છે. રાજકીય અને આર્થિક પછાત રહી જવું તો કદાચ સમજાય છે, પરંતુ હદ તો ત્યાં સુધી છે કે જે સમુદાયની મૂળભૂત ઓળખ શિક્ષણ-પ્રશિક્ષણથી જોડાયેલી છે અને આઝાદી પછી સૌથી પ્રથમ શિક્ષણ મંત્રી આ સમુદાયના એક વિશેષ વ્યક્તિ રહ્યા તેની શિક્ષણની પરિસ્થિતિ આજે આઝાદીના આટલા વર્ષો પછી પણ એસ.સી.-એસ.ટી. અને અન્ય સમાજો કરતા પણ કફોડી છે જેનું વર્ણન સચ્ચર સમિતિએ કર્યું છે.

આજે આપણા દેશમાં મુસલમાનોની શૈક્ષણિક સંસ્થાઓની પરિસ્થિતિ અને તેને સંલગ્ન સમસ્યાઓથી આપણે ખૂબ સારી રીતે વાકેફ થયા છીએ જે કોઈ પણ સમસ્યાના નિવારણ માટેનું સૌપ્રથમ પગથિયું છે. ઉપરાંત હવે આ સમસ્યાઓના નિવારણ માટે બધા પોતપોતાની રીતે ચિંતિત પણ છીએ અને અલગ અલગ પ્રકારે પ્રયત્નો પણ કરી રહ્યા છીએ. આપણે જાણીએ છીએ કે હાલ મુસલમાનો પાસે ઉત્તમ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓનો પણ અભાવ છે અને અસરકારક શિક્ષણ પ્રણાલી સ્થાપિત કરવામાં પણ આપણે ઘણા પાછળ છીએ. જે સમુદાયો કે સમાજો આ ક્ષેત્રે નેતૃત્વ કરી રહ્યા છે તેમના સાથે કદમ મિલાવવા તથા તેમનાથી આગળ વધવા માટે

એક અવિરત સંઘર્ષની જરૂર છે અને ત્યારે જ એક સુંદર ભવિષ્યનું સ્વપ્ન સાકાર કરી શકાશે.

આપણો ભારત દેશ લોકતાંત્રિક દેશ છે જેનું એક બંધારણ છે. વિવિધ ધર્મ, જાતિ, સમાજ, ભાષાથી સમૃદ્ધ એવા આ દેશમાં બધાના સર્વાંગી વિકાસ માટે બંધારણીય જોગવાઈ છે પરંતુ તેનો લાભ મળવો બે પરિબળોને આધારિત હોય છે.એક તો એ કે આ બંધારણીય જોગવાઈઓને નિષ્પક્ષ ન્યાયિક રીતે લાગુ કરવાની રાજકીય ઇચ્છા જે તે સરકારની હોવી જોઈએ જેના માટે યોગ્ય નીતિ ઘડાય. આ બાબતે મુસ્લિમોએ મોટા ભાગે અન્યાયનો સામનો કરવો પડ્યો છે જે તથ્ય એટલા માટે છે કે સરકારનો સાચાર કમિટી રીપોર્ટ જ આ વાતની સાક્ષી પૂરે છે. બીજું પરિબળ છે તે સમાજ અને સમુદાયની આ બંધારણીય લોકશાહીમાં પોતાનું પ્રતિનિધિત્વ અને વિકાસ કરવા માટેની સામૂહિક ઇચ્છા અને તેના માટેની એકતા હોવી જોઈએ. કમનસીબે આપણે છેલ્લા ૭૦ વર્ષમાં આ એકતા અને આવી સામૂહિક ઇચ્છાશક્તિને પ્રસ્થાપિત કરવામાં ખૂબ જ નિષ્ફળ સાબિત થયાં છીએ. ઉપરોક્ત બંને બાબતો ઉપરાંત એક વિશેષ ચિંતાનો વિષય એ છે કે આપણા દેશની બિનસાંપ્રદાયિક લોકતાંત્રિક ઓળખ અને સ્થિતિને એક વિશિષ્ટ વિચારધારાના અસર હેઠળ ધીમી ગતીએ દૂષિત કરવાનો એક પ્રયાસ એક ખાસ વર્ગ તરફથી આઝાદી પહેલાથી જ ચાલતો રહ્યો છે જેનો મૂળભૂત આધાર મુસ્લિમ પ્રત્યેનો દ્વેષ અને નફરત જ છે. આ વિચારધારાથી પ્રેરિત ઘણા બધા અસરકારક લોકોનો પ્રભાવ વિવિધ રાજકીય પક્ષો અને અમલદારો પર પણ હતો અને છે. જેના કારણે વર્ષોથી બનતી આવતી કોઈ પણ પક્ષની સરકારોમાં પણ મુસ્લિમોને શિક્ષણ ક્ષેત્રની નીતિવિષયક બાબતોમાં તથા સંસાધનોની ફાળવણીમાં અન્યાય થતો જ રહ્યો છે. આ ઉપરાંત અભ્યાસક્રમોમાં પણ વાંધાજનક બાબતોને સામેલ કરીને મુસમલાનોના ઇતિહાસ અને ઓળખને વિકૃત કરવાનો એક આયોજનબદ્ધ પ્રયાસ થતો રહ્યો છે, જેથી જનસામાન્ય પણ મુસલમાનોને થતાં અન્યાયને ધીમે ધીમે આંખ આડા કાન કરીને માન્યતા આપવા લાગે.

મુસ્લિમ સમાજની સામૂહિક ઇચ્છાશક્તિ તથા એકતાના અભાવને કારણે જયાં આપણે આ દેશમાં ઉમ્મતના વિકાસ માટેની યોગ્ય બંધારણીય જોગવાઈઓ કરાવવામાં બિલકુલ અસમર્થ સાબિત થયાં છે, ત્યાં સરકારો દ્વારા જે થોડી ઘણી યોજનાઓ બનાવવામાં આવી અને ફંડ પ્રસ્તાવિત કરવામાં આવ્યું તેને મેળવવામાં પણ હંમેશા નબળા રહ્યા છીએ.

આવું એટલા માટે થયું કે પરિસ્થિતિ એવી ગંભીર બનતી ગઈ કે હતાશા અને નિરાશાના વિષચક્રમાં ગ્રષ્ત આપણે સરકારી યોજનાઓ મેળવવાની સામાન્ય આંટીઘૂંટીથી પણ ગભરાવવા અને વિચલિત થવા લાગ્યા. ધીમે ધીમે એ સ્થિતિ સુધી પહુંચી ગયા છીએ કે સમગ્ર ભારતમાં મોટાભાગની મુસ્લિમોની શૈક્ષણિક સંસ્થાઓના વહીવટદારો તો હવે આવી યોજનાઓ અને વિવિધ પ્રકારના ફંડની માહિતી સુદ્ધાં હોતી નથી અને તેના લીધે આપણે આપણા હક્કની વસ્તુઓ પણ જતી કરવા માંડી છે.

આ ગંભીર પરિસ્થિતિમાંથી ઉમ્મતને બહાર નીકળવાનો મૂળભૂત ઉપાય એ જાગૃતિ અને એકતા છે. આ બંને વસ્તુઓ થકી જ મુસ્લિમ સમુદાયની રાજકીય, આર્થિક, સામાજિક અન શૈક્ષણિક ઉત્થાન શક્ય છે. જેને ધ્યાનમાં લઈને શૈક્ષણિક વિકાસની ગતિને અસરકારક અને વધુ વેગવંતી બનાવવા માટે એક રાષ્ટ્રીય સ્તરના ફેડેરેશનની તાતી જરૂર હતી. અલ્લાહનો આભાર છે, FMEII (Federation of Muslim Educational Institutions,INDIA)ના નામથી એક ફેડેરેશનની સ્થાપના થઈ ચુકી છે. કેટલાક રાજ્યોમાં તેની સફળતા પછી ગુજરાતમાં પણ તેની શાખા પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો ગતિમાન થયા છે.

આશા છે કે શિક્ષણ બાબતની આ જાગૃતિ અને એક્તાના આ પ્રયાસમાં સૌથી મોખરે રહી આવવાવાળા દિવસોના કપરા ચઢાણ સાથે ચઢવા માટે સાથ આપશો. આપ સૌ જાણો છો કે હવે મોડા પડવાનો અર્થ આપણા ભારતીય અસ્તિત્વને જાણી જોઈને જોખમમાં મુકવા બરાબર છે. કદાચ બીજા ક્ષેત્રો હજુ ઘણા આપણા અંદરોઅંદરના અવરોધો અને વાંધાઓ આપણને અડચણ રૂપ થઈ શકે છે પરંતુ શૈક્ષણિક વિકાસની બાબતે આપણે જરૂરથી બધું નેવે મૂકીને એક સંયુક્ત પ્રયાસ કરી શકીએ છે. મિત્રો, આજે નહીં તો ક્યારે નહીં... આવો હાથમાં હાથ નાંખીને આ ઉમ્મતને એક સોનેરી ભવિષ્ય તરફ લઈ જઈએ. જયારે આ સમુદાયને આપણે સાચા અર્થમાં દિશા બતાવવામાં સફળ થઈશું તો આવતી પેઢી ફકત ભારત નહીં પણ સમગ્ર માનવજાત માટે રહેમત બની જશે. આમીન.

—●—

સમસ્યા

● *મસીહુઝ્ઝમા અન્સારી*

નફરતોના વિચારોનું વૈશ્વિકરણ

શ્રીલંકામાં ઈસાઈઓ પર હુમલો નિંદનીય છે. કોઈ પણ ધર્મ સ્થળ પર તથા તેના અનુયાયીઓ પર આતંકી હુમલો એક કાયરતાપૂર્ણ પગલું છે. આ હુમલામાં મરનારાઓમાં પાંચ ભારતીય પણ સામેલ છે. બધા પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના...!

આ પ્રકારના આતંકી હુમલા આપણને વિચારવા મજબૂર કરી દે છે કે આખરે ક્યા વિચાર માનવ હત્યા માટે પ્રેરિત કરે છે. આખરે વિશ્વના અલગ દેશોમાં રહેનારા અલ્પસંખ્યકો સાથે આ પ્રકારની ઘટનાઓમાં સતત વધારો શા માટે થઈ રહ્યો છે? તે અલ્પસંખ્યક શ્રીલંકાના ઈસાઈ હોય કે પાકિસ્તાનના હિન્દુ, ન્યુઝીલેન્ડના મુસ્લિમ હોય કે બર્માના રોહિંગ્યા, બાંગ્લાદેશના અલ્પસંખ્યક હોય કે ભારતના અલ્પસંખ્યક, બધા દેશોમાં અલ્પસંખ્યકોની સુરક્ષા એક સળગતો પ્રશ્ન છે.

બધા દેશોએ વિકાસના મોડેલને અપનાવીને ખૂબ તરક્કી કરી છે તથા કરી રહ્યા છે, પરંતુ આ વિકાસના મોડેલમાં કેટલાક એવા વિચારોનો પણ વિકાસ થયો છે, જે પોતાના સ્વાર્થ પૂર્તિ માટે માનવ હત્યાને ખરાબ નથી સમજતો. હવે સ્વાર્થ ચાહે સત્તા પ્રાપ્ત કરવાનો હોય કે કોઈ આબાદીનું દમન. મોટા ભાગે આ દેશમાં સંગઠિત કે અસંગઠિત રૂપે અલ્પસંખ્યકની હત્યાને ખરાબ નથી સમજતી અને ક્યાંક બોમ્બ ધડાકા કરીને સેંકડો ઈસાઈઓની હત્યા કરી નાંખવામાં આવે છે, ક્યારેક આપણા દેશમાં ઈસાઈઓ પર હુમલો કરી કંધમાલના રૂપમાં કલંક આ દેશના માથા પર લગાવવાનું કામ કરવામાં આવે છે, તો ક્યાંક ગૌમાંસના આરોપમાં અખલાકની બહુસંખ્યક દ્વારા મારી મારીને હત્યા કરી દેવામાં આવે છે.

દુનિયામાં સમાનતા કેટલી છે એ તો ખબર નથી, પરંતુ સમગ્ર દુનિયામાં અલ્પસંખ્યકો પર થઈ રહેલા હુમલાને જોઈને આ તો સ્પષ્ટ છે કે આ બધા હુમલામાં નફરતની સામ્યતા જરૂર છે. આ તો સ્પષ્ટ છે કે ફકત દુનિયાનું વૈશ્વિકરણ (Globalisation) નથી થયું, બલ્કે નફરતના વિચારોનું પણ વૈશ્વિકરણ થયું છે, જેનો ફાયદો જાણે અજાણે તે સરકારને પણ થયો છે, જે આવા વિચારોને પાળવા અને વેગ આપવામાં અપ્રત્યક્ષ રૂપે ભાગીદાર છે. —●—

વિશેષ ચર્ચા

• *મુહમ્મદ કલીમ અન્સારી*

ઝકાત વ્યવસ્થા કલ્યાણકારી રાજ્યની સ્થાપના માટે આવશ્યક

ઈસ્લામ એ પ્રાકૃતિક ધર્મ છે. ધર્મની અંકુચિત વ્યાખ્યા કરનારાઓ માટે ધર્મ એટલે રીત-રિવાજ પ્રસંગો કે તહેવારોની ઉજવણી કે અમલીકરણ કરવા માટે આપવામાં આવેલ માર્ગદર્શન હોય, તો ઈસ્લામ એ પ્રાકૃતિક જીવન-વ્યવસ્થા છે. જીવન વ્યવસ્થામાં વ્યક્તિગત, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને રાજકીય બાબતોનો સમાવેશ થાય છે, અને દરેક બાબતમાં ઈસ્લામનું માર્ગદર્શન પારદર્શી, સચોટ અને ન્યાયના તકાદા પર આધારિત છે. ઈસ્લામમાં કેટલીક બાબતો ફર્ઝ (Compulsory)ના દાયરામાં આવે છે, કેટલીક બાબતો સુન્નતના દાયરામાં આવે છે. અને કેટલીક બાબતો નફલ (Profitable) અને મુબાહ (Optional)ના દાયરામાં આવે છે. ઈસ્લામમાં ઈમાન, નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ ફર્ઝ કરવામાં આવ્યા છે. દરેક કર્મનું એક મહત્ત્વ છે.

ઝકાત એક એવું ફર્ઝ છે જે સામાજિક અને આર્થિક બંને બાબતો પર એક સમાન અસર કરે છે. કોઈ સમાજ ત્યાં સુધી વિકાસ નથી કરી શકતો જ્યાં સુધી તેના લોકોની અંદર એકબીજા માટે હમદર્દીના ભાવ ન હોય. હમદર્દી એકમાત્ર એવું તત્ત્વ છે જે સમાજના ગરીબ, વંચિત અને તરછોડાયેલા લોકોની મદદ માટે સમાજના સુખી અને સમૃદ્ધ લોકોને પ્રેરે છે. ઈસ્લામ સમાજના તમામ લોકોને જાત-પાત, રંગ, પ્રદેશ કે અમીર-ગરીબના વાડાઓથી ઉપર ઉઠાવી તમામને એક સરખો ગણે છે અને જે વ્યક્તિ સૌથી વધુ ઈશભય (ખૌફે ખુદા) રાખે છે તે જ અલ્લાહની સૌથી નજીક છે એવું શિક્ષણ આપે છે. આ ખ્યાલ લોકોનો અલ્લાહની નજીક જવા માટે પ્રબળ શક્તિ અને સમજ પ્રદાન કરે છે.

જ્યારે વ્યક્તિ પાસે ૫૨.૫ તોલા ચાંદી અથવા ૭.૫ તોલા સોનું કે તેની કિંમત જેટલી રોકડ રકમ હોય તો તેની ઉપર ઝકાત ફર્ઝ થઈ જાય છે. આમ વ્યક્તિની કુલ ઝકાત પાત્ર રકમનો ૪૦મો ભાગ (૨.૫ ટકા) તેના હકદારોને દર વર્ષે આપવાની હોય છે. આ ઝકાત પાત્ર રકમ પર એક વર્ષ વીતવો જરૂરી છે. તેના હકદારો વિષે સૂરઃ તૌબા આયત નંબર ૬૦માં આ રીતે વર્ણવામાં આવ્યું છે,

"આ સદ્કાનો માલ તો હકીકતમાં 'ફકીરો' (ગરીબો) અને 'મિસ્કીનો' (નિર્ધનો) માટે છે અને તે લોકો માટે જેઓ સદકા (દાન)ના કામ માટે નિયુક્ત છે, અને તેમના માટે જેમના હૃદય મોહી લેવાનો આશય હોય, ઉપરાંત આ ગરદનો છોડાવવા અને કરજદારોની સહાય કરવામાં અને અલ્લાહના માર્ગમાં અને મુસાફરની મહેમાનગતિમાં ઉપયોગ કરવા માટે છે. આ એક અનિવાર્ય કર્તવ્ય છે

અલ્લાહ તરફથી, અને અલ્લાહ સર્વજ્ઞ, તત્ત્વદર્શી અને જોનાર છે.''

આમ સમાજનો સુખી અને સમૃદ્ધ વર્ગ પોતાની આવકનો ૪૦મો ભાગ 'ઉપકાર' તરીકે નહીં પરંતુ 'હક્ક' તરીકે તેના હક્કદારોને વહેંચે છે. આમ માલદાર લોકોનો ૪૦મો ભાગ આ રીતે ગરીબોમાં, મિસ્કીનોમાં, હાજતમંદોમાં વહેંચાઈ જાય છે. યાદ રહે આ ઝકાતની ફરજિયત અને હક્કદારો મુસ્લિમ હોવા અનિવાર્ય છે. રાજ્યમાં જો બીજા ધર્મના લોકો હોય તો તેમની ઉપર ઝકાત લાગુ પણ ન કરી શકાય, અને વહેંચી પણ ન શકાય. ઝકાતની આ વ્યવસ્થા લોકો વ્યક્તિગત રીતે કરે તે ઇચ્છનીય નથી એટલે કે તેનું કલેકશન અને વિતરણ સામૂહિક હોવું જોઈએ અને આ જવાબદારી મુસ્લિમ સત્તાધારીઓની છે. પણ જ્યાં મુસ્લિમો સત્તામાં નથી ત્યાં તેઓએ ઝકાતની વ્યવસ્થા સ્થાપિત કરવી જોઈએ કે જેથી ઝકાતની રકમ ખરેખર તેના હક્કદારો સુધી પહોંચે.

ઝકાતના વિતરણ બાબતે સ્પષ્ટ છે કે તે પહેલાં પોતાના નજીકના સંબંધીઓમાં, પછી દૂરના સંબંધીઓમાં અને પછી આડોશ-પાડોશમાં રહેતા જરૂરતમંદોને આપવી જોઈએ. આ રીતે ઇસ્લામ લોહી-સંબંધ (Blood Relation) ધરાવતા લોકોને એકબીજાથી જોડી દે છે. કુર્આનમાં સૂરઃબકરહ આયત ૨૭૭માં છેઃ

''હા, જે લોકો ઈમાન લઈ આવે અને સદ્‌કાર્યો કરે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે, તેમનો બદલો નિઃસંદેહ તેમના રબ પાસે છે અને તેમના માટે કોઈ ભય અને દુઃખની શકયતા નથી.''

ઝકાત સિવાય પણ ગરીબો અને જરૂરતમંદોને આપવાની ભલામણ કરવામાં આવી છે કે જેથી ગરીબી ઓછી કરી શકાય. સમાજમાં હંમેશાં ગરીબી રહેવાની, કારણ કે લોકોની બુદ્ધિમત્તા, કૌશલ્ય, રહેણી-કરણી, જીવનનું લક્ષ્ય વગેરે બાબતો લોકોની આવક અને બચત પર અસર કરે છે. તેથી સમાજમાં ક્યારેય એવી પરિસ્થિતિ ઊભી નહીં થાય કે બધાની સંમત્તિ અને આવક એક સરખી થઈ જાય. ઝકાતની વ્યવસ્થાને કારણે અમીર અને ગરીબ વચ્ચેનું અંતર વધારે નહીં હોય. જે લોકો ગરીબી મટાડવાની વાત કરે છે તેઓ પણ સારી રીતે જાણે છે કે ગરીબી મટાડવી અશક્ય છે પરંતુ સત્તા હાંસલ કરવા અને ગરીબનું તુષ્ટિકરણ અને શોષણ કરવા તેમની ભાવના સાથે રમત કરી વોટ પડાવે છે.

આજે દુનિયામાં જોઈએ તો ગરીબી નાબૂદ કરવાના અસંખ્ય પ્રયાસો થયા હોવા છતાં અમીરોની સંપત્તિમાં સતત વધારો થતો જાય છે પરંતુ ગરીબ ઓર ગરીબ થતો જાય છે તેના મૂળમાં લોકોની લાલચ, માલનો પ્રેમ, સરકારોની મૂડીવાદીઓ માટેની નીતિ અને સાંઠગાંઠ જવાબદાર છે. અને કેટલીક માનવતાવાદી સરકારો CSR (Corporate Social Responsibilty)ના નામે મૂડીપતિઓ પર ફરજિયાત ચોક્કસ રકમ ખર્ચવાનો બોજો નાંખ્યો છે પરંતુ ત્યાં ભ્રષ્ટાચાર એટલો છે કે ખરેખર જરૂરતમંદ વ્યક્તિ સુધી રાહત પહોંચતી જ નથી. બીજી તરફ મુસ્લિમો છે કે જેઓ ઈશભયના કારણે જરૂરતમંદોને તેમના હક્ક સમજીને તેમની મદદ કરે છે. આ રીતે અમીરોમાં ઘમંડ, લાલચ, ગરીબોને તુચ્છ સમજવું વગેરે માનસિક અને દિલની બીમારીથી બચી જાય છે અને પરસ્પર માન-સન્માન, મદદ માટે સતત પ્રયત્નશીલ રહેવાની ઈચ્છાશક્તિ પેદા થાય છે. આ રીતે નાગરિકોમાં ખુશી, પ્રસન્નતા અને સંતોષની લાગણી જન્મે છે.

આમ દુનિયામાં કલ્યાણકારી રાજ્યની સ્થાપનાનો ખ્યાલ ત્યાં સુધી અમલી નથી બની શકતો જ્યાં સુધી ઝકાતની વ્યવસ્થા લાગુ કરી દેવામાં નથી આવતી. —●—

"આ સદ્‌કાનો માલ તો હકીકતમાં 'ફકીરો' (ગરીબો) અને 'મિસ્કીનો' (નિર્ધનો) માટે છે અને તે લોકો માટે જેઓ સદ્‌કા (દાન)ના કામ માટે નિયુકત છે, અને તેમના માટે જેમના હૃદય મોહી લેવાનો આશય હોય, ઉપરાંત આ ગરદનો છોડાવવા અને કરજદારોની સહાય કરવામાં અને અલ્લાહના માર્ગમાં અને મુસાફરની મહેમાનગતિમાં ઉપયોગ કરવા માટે છે. આ એક અનિવાર્ય કર્તવ્ય છે અલ્લાહ તરફથી, અને અલ્લાહ સર્વજ્ઞ, તત્ત્વદર્શી અને જોનાર છે." (સૂરઃતૌબા, આયતઃ ૬૦)

"હા, જે લોકો ઈમાન લઈ આવે અને સદ્‌કાર્યો કરે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે, તેમનો બદલો નિઃસંદેહ તેમના રબ પાસે છે અને તેમના માટે કોઈ ભય અને દુઃખની શકયતા નથી." (સૂરઃબકરહ, આયતઃ ૨૭૭)

• મુહમ્મદ અમીન શેઠ

રોઝાનો ધ્યેય શું છે?

રોઝાને અરબીમાં સૌમ કહે છે. સૌમનો શાબ્દિક અર્થ કોઈ કામથી રોકાવવું, અનાશક્તિ, સુખચેનથી દૂર રહેવું, ચૂપ રહેવું વગેરે છે. શરીઅતની પરિભાષામાં જે વ્યક્તિ રોઝા રાખવા સક્ષમ હોય તે નિયત સાથે પરોઢથી લઈને સૂર્યાસ્ત સુધી ખાવા, પીવા, જાતીય સંબંધથી દૂર રહે અને રોઝાને તોડી નાંખનારી ચીજોથી રોકાઈ રહેવાનું નામ સૌમ અર્થાત્ રોઝા છે.

રોઝા ઈસ્લામનો સ્તંભ છે એટલા માટે તેને તમામ આદાબ અને શરતો તેમજ દિલથી પૂરી તન્મયતા અને એકાગ્રતા સાથે રાખવો જરૂરી છે. દરેક મુસલમાન જે સાજો-સમો, પુખ્ત સ્થાનિક હોય અને રોઝાની તકલીફો સહન કરવાની શક્તિ ધરાવતો હોય તેના પર રોઝા ફરજિયાત છે. ઈસ્લામના અન્ય આદેશોની જેમ રોઝા પણ ક્રમશઃ ફર્ઝ થયા છે. શરૂઆતમાં મુસલમાનોને દર મહિને માત્ર ત્રણ રોઝા રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ આ ફરજિયાત ન હતા. હિજરી સન ૩માં રમઝાનમાં રોઝા રાખવાનો હુકમ નાઝિલ થયો પરંતુ મુસાફર, રોગી, ગર્ભ ધરાવતી અને દૂધપાતી સ્ત્રી અને વૃદ્ધને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા કે તેઓ બીજા દિવોસમાં રોઝાની સંખ્યા પૂરી કરી દે અથવા જરૂરતમંદને ભોજન કરાવી દે.

માનવીમાં બુનિયાદી રીતે ખાવા, પીવા, જાતીય સંબંધો બાંધવા અને રાહત તેમજ આરામની ઈચ્છા જોવા મળે છે. માનવીની સફળતા અને શ્રેષ્ઠતા માટે જરૂરી છે કે આ પ્રકારની ઈચ્છાઓ વધારે પુખ્ત અને તાકતવર ન થઈ જાય અને તેને વશમાં રાખવા માટે જરૂરી છે કે આ પ્રકાની ઈચ્છાઓને સીમિત રાખવામાં આવે અને તે તરીકો અપનાવવામાં આવે જેનાથી આ ઈચ્છાઓ નબળી પડે અને કાબૂમાં આવી જાય. આનો સૌથી અસરકારક ઉપાય રોઝા છે. રોઝાનો ખરો હેતુ અને ધ્યેય મનેચ્છાને કાબૂમાં રાખવી છે. જીવનના પ્રત્યેક ક્ષેત્ર અને તબક્કામાં પોતાની મનોચ્છાઓ, તમન્નાઓ અને અપેક્ષાઓને અલ્લાહની આજ્ઞાના આધીન કરી દેવી અને પોતાની જાત પર એ રીતે અંકુશ રાખવો કે મનેચ્છા અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.ની આજ્ઞા અને અનુસરણના તાબે થઈ જાય. તે અલ્લાહની હદ અને સીમાઓનો પાબંદ થઈ જાય. દુનિયાની ચમક-દમક, તેને પ્રભાવિત ન કરી શકે એટલી હદે તે મનેચ્છાને વશમાં રાખવા ટેવાઈ જાય.

રોઝાની ખરી રૂહ એ છે કે બંદો પોતાની જાતને અલ્લાહની મરજીનો પાબંદ બનાવી દે. આ પાબંદી તેના સમગ્ર જીવન માટે ઈચ્છનીય છે. રોઝા આ પ્રકારના પાબંદ જીવનની એક નિશાની છે. રોઝાની હાલતમાં ખાવા-પીવાને છોડી દઈને આપણે પ્રતિજ્ઞા

કરીએ છીએ - ઇચ્છનીય ન હોય તેવી ચીજો પણ છોડી દઈએ - રોઝા તરબિયત અને મનની શુદ્ધિ માટે મહત્ત્વનું માધ્યમ છે અને તેનો હેતુ એ છે કે માનવીને એટલો કાબેલ બનાવવામાં આવે કે તેનું સમગ્ર જીવન અલ્લાહની ઇબાદત બની જાય. તે પ્રસન્નતા અને એકાગ્રતા અને અલ્લાહના આદેશો અને નિયમોનું અનુસરણ કરી શકે. આ ઈમાનની દૃઢતાની દલીલ છે કે માનવી પોતાના મજબૂત ઈમાનના કારણે હલાલ અને જાઇઝ ચીજો તેના સામે હોવા છતાં તેનો સ્પર્શ સુદ્ધાં નથી કરતો.

રોઝાનો એક હેતુ અલ્લાહ પર ઈમાન ધરાવતા બંદાને તકવા (અલ્લાહનો ડર)નો ચાહક બનાવવાનો છે. તેનામાં એવો અહેસાસ અને ચેતના જાગૃત કરવી છે કે તે જીવનપથમાં સંભાળી-સાચવીને, પોતાના પાલવને કાંટાવાળી ઝાડીઓથી અને દુનિયાની ગંદગી અને અપવિત્રતાથી પોતાને બચાવીને મનમાં અલ્લાહનો ડર અને નિષ્ઠા પેદા કરીને પોતાના વિચારો અને અમલને અલ્લાહના આદેશોના તાબે કરી દે અને તેની મરજી તથા ઇચ્છા મુજબ નિયંત્રણમાં રાખે. તકવાનું સ્થાન દિલ છે અને તકવા પેદા કરવા માટે રોઝા સૌથી ઉત્તમ અને યોગ્ય ઇબાદત છે.

ગુનાઓથી બચાવવા માટે રોઝા ઢાલ છે. અલ્લાહતઆલા પોતાના રોઝાદાર બંદાઓને એક સરહદે અને મર્યાદામાં બાંધીને ગુનાઓથી સુરક્ષિત રાખે છે. તેને કહેવામાં આવ્યું છે કે રોઝાની હાલતમાં જો કોઈ તેનાથી લડવા, ઝઘડવા કે બૂરાઈ આચરવાનું પ્રલોભન આપવા આવે તો તે કહી દે કે, હું તો રોઝાથી છું. હું કોઈ અપશબ્દ જીભથી નહીં કાઢું, લડાઈ - ઝઘડા કે ઉપદ્રવ નહીં કરું. આમ રોઝા તેના માટે એક અસરકારક અભ્યાસક્રમ છે. રોઝાનો અહેસાસ એક મો'મિન બંદાને અલ્લાહના સીધા નિરીક્ષણ અને સુરક્ષામાં રહીને ગુનાઓ તેમજ બૂરાઈઓથી કાયમ માટે બચતા રહેવાની આદત પાડી દે છે.

રોઝાની પ્રાપ્તિ સબ્ર (ધૈર્ય) છે જેનો શાબ્દિક અર્થ રોકાઈ જવું છે. રોઝાદાર પોતાની મનેચ્છાઓને રોકી રાખે છે. આ કારણે હદીસમાં રોઝાને સબ્રનો મહિનો કહેવાયો છે. કુર્આનમાં સબ્ર કરનારાઓને અનહદ બદલો-ઉપહાર અને સવાબ (પુણ્ય)ની ખુશખબર આપવામાં આવી છે, તો હદીસમાં આ જ ખુશખબર રોઝા માટે છે. અલ્લાહના અંતિમ રસૂલ સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે કે, "મનુષ્યના અમલમાં એક નેકીનો બદલો દસ ગણાથી સાતસો ગણા સુધી આપવામાં આવે છે. " અલ્લાહ ફરમાવે છે! "રોઝા સિવાય... કેમકે રોઝા મારા માટે છે અને તેનો બદલો હું જેટલો ઇચ્છું તેટલો આપું છું." (હદીસ સંગ્રહઃ બુખારી,મુસ્લિમ) આ અનહદ બદલો અને સવાબની ખુશખબર માત્ર સબ્રના કારણે છે કે માનવી ભૂખ-તરસને સહન કરે છે. હલાલ અને પાક ખાવાથી રોકાઈ રહે છે અને પોતાની મનની ઇચ્છાઓને દબાવી રાખે છે. રોઝા તેને ધૈર્યવાન જીવન માટે તૈયાર કરે છે. જેથી તે દરેક પ્રકારના સંજોગોનો ધૈર્ય અને આભાર સાથે મુકાબલો કરે અને દુનિયામાં શક્ય હોય તેટલું પોતાની ફરજો અને જવાબદારીઓનું પાલન કરે અને બદલામાં ખુદાની પ્રસન્નતા અને ઉપહાર પામવાનો અધિકારી બને.

અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.એ રોઝા અલ્લાહ પાસે કબૂલ થઈ જાય, સ્વીકાર્ય બની જાય, તે માટે બે વાતોનો પ્રબંધ કરવાની તાકીદ કરી છે. "જે વ્યક્તિ રમઝાનના રોઝા ઈમાન અને પોતાનો હિસાબ લેવા સાથે રાખે, તો તેના તમામ ગુના માફ કરી દેવામાં આવશે જે આનાથી અગાઉ તેનાથી થઈ ગયા હશે." (હદીસ સંગ્રહઃ બુખારી) ઈમાન સાથે રોઝા રાખવાનો અર્થ એ છે કે અલ્લાહ સંબંધે એક મુસલમાનનો જે અકીદો (આસ્થા) છે તે તેના દિમાગમાં કાયમ માટે તાજો રહે અને એહતેસાબ એટલે કે પોતાનો હિસાબ અને સ્વંય નિરીક્ષણ કરતા રહેવાથી તાત્પર્ય એ છે કે માણસ અલ્લાહની પ્રસન્નતાનો ઇચ્છુક હોય અને પ્રત્યેક ક્ષણ પોતાના વિચારો અને પોતાના અમલ પર નજર રાખે. રમઝાન માસના રોઝા એક શ્રેષ્ઠ ઇબાદત છે અને અલ્લાહે તેનો પુષ્કળ બદલો રાખ્યો છે. પરંતુ તે લોકો માટે જેઓ પોતાના રોઝાની સંપૂર્ણ હિફાજત કરે અને તેને પૂરેપૂરી ઈમાનની ચેતના અને સમજ સાથે રાખે.

રમઝાનની અંતિમ રાત બદલો મેળવવાની અને મગફિરત (માફી) પ્રાપ્ત કરવાની રાત છે. આ રાતમાં જે કંઈ માંગવામાં આવે તે મળી જાય છે. હઝરત અબૂહુરૈરહ રદિ. વર્ણન કરે છે કે અલ્લાહના પ્રિય નબી સ.અ.વ.એ ફરમાવ્યું, "રમઝાનુલ મુબારકમાં મારી ઉમ્મત (મુસ્લિમ સમુદાય) ને પાંચ ચીજો અર્પણ કરવામાં આવે છે. જે અગાઉ થઈ ગયેલી ઉમ્મતને આપવામાં આવી ન હતી. રોઝાદારના મોંની વાસ અલ્લાહના નજીક મુશ્કની ખુશબૂથી ઉત્તમ અને પસંદીદા છે - રોઝા છોડવાના સમય ઇફતાર સુધી ફરિશ્તાઓ તેમના માટે મગફિરતની દુઆ કરતા રહે છે - અલ્લાહ તરફથી દરરોજ જન્નતને સુશોભિત કરવામાં આવતી રહે છે. પછી અલ્લાહ ફરમાવે છે મારા સંનિષ્ઠ બંદાઓને તકલીફ અને વેદના પહોંચી હોય અને તે તમારા તરફ

- વિદ્રોહી શૈતાનો ને હાથકડી પહેરાવીને બંધ કરી દેવામાં આવે છે અને આ બંદાઓની અંતિમ રાતમાં માફ કરી દઈને બખ્શિશ ફરમાવે છે. સહાબા રદિ.એ પૂછ્યું, હે અલ્લાહના રસૂલ: શું આ જ લૈલતુલકદ્ર છે. અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું કે ના.., બલ્કે મજૂરને મજૂરી એ વખતે આપવામાં આવે છે જ્યારે તે પોતાનું કામ સંપૂર્ણ કરી લે છે.''

આ હદીસથી પાંચ એવી કૃપાઓની જાણકારી મળે છે જે રમઝાનમાં અલ્લાહતઆલાએ મુસલમાનો ઉપર કરી છે. તેનાથી જ્યાં રોઝા રાખવાની પ્રેરણા મળે છે ત્યાં એ વાત પણ જાણવા મળે છે કે ઈસ્લામ પોતાના અનુયાયીઓને માત્ર એ જ વાતનો પાબંદ નથી બનાવતો કે તેઓ તકલીફો સહન કરે અને કોઈ બદલો કે ઈનામ ન મેળવે બલ્કે તે તેમને બદલો ને ઉપહાર આપવાની વાત કરે છે. તે બદલો એક રોઝાદારને રમઝાન મહિનાની અંતિમ રાતમાં મળે છે. જે રીતે મજૂરને તેના કામની મજૂરી કામ પૂરું થયા પછી મળે છે.

આ મહત્ત્વની રાતમાં મો'મિન બંદાએ પોતાની મગફિરત અને પોતાના ઈનામ અને બદલો મેળવવા માટે ચુસ્ત રીતે તૈયાર રહેવું જોઈએ અને આખા વર્ષ માટે ભાથું એકઠું કરી લેવું જોઈએ. આ રાતને હરગિઝ ભૂલવામાં ન આવે તેનું ધ્યાન રાખવું જોઈએ. અલ્લાહ આપણને રમઝાનના રોઝા તેના તમામ તકાદાઓ સાથે રાખવાની પ્રેરણા અને સદ્‌બુદ્ધિ અને હિંમત એતા ફરમાવે.

—●—

માર્ગદર્શન

• *મુહિયુદ્દીન ગાઝી*

મનેચ્છાઓનું દમન કે આત્મ-સંયમ

મનોચ્છાઓનું દમન અને આત્મ-સંયમ બે જુદી જુદી બાબત છે. બન્ને વચ્ચે મૂળભૂત તફાવત છે. મનેચ્છાઓનું દમન માનવ પ્રકૃતિ અને નબીઓ અ.સ.ની રીત વિરુદ્ધ છે. જ્યારે કે આત્મ-સંયમ એ તેને અનુરૂપ છે. મનેચ્છાઓના દમનની મનાઈ છે, પણ આત્મ સંયમ આવકાર્ય છે. તેમ છતાં એવું લાગે છે કે આપણું મગજ મનેચ્છાઓના દમનથી તો વિમુખ છે અને ઘૃણા કરે છે, પણ આત્મ-સંયમનો શોખ અને તેના સંબંધિત હકારાત્મક મત આપણા મગજમાં હાલ પણ પ્રસ્થાપિત છે. મનેચ્છાઓનું દમન અને આત્મ-સંયમની વચ્ચેના તફાવતની ચોખવટ પણ અત્યારે કદાચ થઈ શકી નથી.

આત્મ-સંયમ ગમે તેમ એ આપણી જરૂરિયાત છે. આને એમ સમજવું જોઈએ કે માનવ જીવનનો આરંભ ધીરજથી થાય છે. માની કોખથી લઈ બાળ-અવસ્થાના અંત સુધી વર્ષોનો સમય ગાળા પ્રત્યેક જવાબદારી અને આદેશપાલનથી મુકત-નિશ્ચિત રીતે પસાર થાય છે. તો શરીઅતના કોઈ કાયદાથી

બંધાયેલો હોતો નથી. પછી એક સમય એવો આવે છે કે જ્યારે, આજ્ઞાપાલન અને બંદગીના હુકમો તેની ઉપર લાગુ થાય છે. બંદગી પણ એવી જે સમગ્ર જીવનને આવરી લે છે. ઉપાસના - પણ એવી કે તેને પ્રત્યેક મંજિલ અન્ય નવી મંજિલ તરફ અંગુલીનિર્દેશ કરે છે. ડગલે ને પગલે તેનાથી માગ થાય કે તે આરામની ક્ષણોનો ત્યાગ કરી અલ્લાહની સમક્ષ બંદગીનો નજરાનો રજૂ કરે. લિજજતથી કેટલીક અગવડતા સહન કરી અલ્લાહ ખાતર દૂર રહે. પછી તે પરોઢની ઊંઘની માગ હોય કે બપોરનો તડકો કંઈ પણ કહેતા હોય, રાત્રિનો અંધકાર જે કંઈ સુઝાતો હોય. પણ હૈયા અલસ્સલાહની બાંગ ઉપર લબ્બૈક એટલે કે "હાજર છું, હાજર છું" જરૂરી છે. પછી ફરજ નમાઝ-રોઝાથી આગળ વધીને નફિલ રોઝાની મહિમા ફઝીલત અને રાત્રે ઊઠીને તહજજુદ ગુજારી અને આહે સહરગાહીની અનંત અગત્યતા, આરામ અને લેહજતની શોખીન વ્યક્તિ જપ-તપ - ઇબાદતના માર્ગે કેવી રીતે ચાલે?

અલ્લાહના એક નેક બંદાએ આત્મ-સંયમ અંગેના પોતાના અનુભવનું વર્ણન કંઈક આ શબ્દોમાં છે: "મેં રાત્રે તહજજુદ પઢવાનો નિર્ધાર કર્યો. શરૂમાં આત્મ-મન સાથે ઝપાઝપી કરવી પડી. ઊંઘની મજા અને પાથરણાના સંઘર્ષ આરામનું વિચાર વારંવાર હુમલો કરે. રહી રહીને ઊંઘ આવતી. મેં મારા આત્મ-મન સાથે સખત વ્યવહાર કર્યો. એક વર્ષ લાગી રાત્રે નમાઝ પઢવા બાબતે પોતાના મનથી બાથ ભીડતો રહ્યો. એક વર્ષ, હા પૂરા વર્ષ પછી મન ઉપર કાબૂ મેળવ્યો. અને સંઘર્ષના પરિણામે મને ૪૦ વર્ષ સુધી ક્યામે લૈલની લિજજત અને મીઠાસ પ્રાપ્ત થઈ."

આરામની લહેજતના જાદૂને ભાંગી બંદગી કરવાની લહેજત માણનારાનો એક વખત તો મનેચ્છાથી ટક્કર લેવી પડે છે. અને જ્યારે માણસ બંદગી-ઇબાદતની લહેતજ પામી લે છે તો પછી તેને તેમાં જ રસ પડે છે. સુલૈમાન તયમીએ બહુ જ હૃદય-સ્પર્શી વાત કરી છે:

"આંખો તો ઊંઘે પણ છે. અને જાગે પણ છે. જાગરણની ટેવ પાડો તો જાગવાથી ટેવાઈ જાય છે. ઊંઘની ટેવ પાડો તો તેનાથી ટેવાઈ જાય છે."

માણસ તેની શરૂઆતની ઉંમરે તો ઊંઘની જ ટેવ ધરાવે છે. આ ટેવને દૂર કરવા કેટલાંક પ્રયત્નો કરવા જ પડે છે, જેના માટે પરિશ્રમ કરવો પડે છે. તે સિવાય કોઈ ઉપાય નથી.

શેખ ઉઝ્ઝામે તો આત્મા-મનના સંયમ અંગે તો સંપૂર્ણ ફિલોસોફી બહુ જ આકર્ષક ઢબે વર્ણવી છે. તેઓ લખે છે:

"મન સામાન્ય કાર્યો તરફ આકર્ષાય છે. આરામ તેને ગમે છે. હંમેશ સરળતાની પ્રાથમિકતા આપે છે. તેમ છતાં, આત્મા-મન ઊંચાઈના શિખરે જવાનું વલણ ધરાવે છે. તેમનામાં પ્રગતીની ખેવના હોય છે. શ્રેષ્ઠતાનો શોખ અને સારા દેખાય એવા કાર્યો કરવાની તલપ પણ મોજૂદ હોય છે. તેની અંદર એક અંગારો હોય છે. પણ ભષ્મમાં દબાયલો હોય છે. ભભૂકતો અંગારો બનવાની લાયકાત તેમાં હોય છે, પરંતુ ત્યારે જ્યારે દીવાસળી ચાંપવામાં આવે. જો તેને હવા પહોંચાડવામાં આવે અને દબાયેલા અંગારાને ભડકાવવામાં આવે તો તે સળગી ઊઠશે. જોશ ઉભરાઈ જશે અને પ્રયત્નને કાર્યની ભટ્ટી ભડકી ઊઠે છે. અને તે ગતિમય થઈ જાય છે. ઊંચાઈ અને લહેજત તેને જેમ જેમ મળે છે તેમ તેમ કર્મને પ્રગતિથી તેનો પ્રેમ-લગાવ વધતો જાય છે. ટૂંકમાં પ્રયત્નો મન-આત્માની શુદ્ધિનો પહેલો ડગ છે, જેના પરથી પસાર થયા પછી મન-આત્માની શુદ્ધિની પ્રક્રિયા અત્યંત સરળ અને મજેદાર તેમજ સ્વાદિષ્ટ પુરવાર થઈ જાય છે."

શું આવનાર રમઝાન માસને મન-આત્મા શુદ્ધ કરવાનો ઓપ આપી જીવનના કેટલાક પ્રયોગો કરવા તમે તૈયાર છો?

આત્મ-મનની શુદ્ધિ માટે રમઝાન કરતાં વધુ ઉપયોગી તક બીજી કઈ હોઈ શકે. —●—

(અનુવાદકઃ અબ્દુર્રઝ્ઝાક શેખ)



હરસ મસા ભગંદર
આધુનિક પદ્ધતિથી નિદાન-ઓપરેશન
રેડીયો-સર્જરી, વીડીયોરેક્ટોસ્કોપ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ.સાદીક કાઝી (M.B.B.S., M.S.)
પેશન્ટ હાઉસ, ખમાસા, અમદાવાદ
8264004142, 65459513
પેશન્ટ હાઉસ નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદાબાદ
82640 04142, 90330 59513

માર્ગદર્શન

• ડો. ફારૂકઅહમદ

રમઝાન : એક પ્રશિક્ષણનો મહીનો

યુવાસાથીનો આ અંક આપના હાથમાં આવશે ત્યાં સુધીમાં કદાચ પવિત્ર રમઝાન મહીનાની શરૂઆત થઈ ગઈ હશે. રમઝાનનો મહીનો ભરપૂર રહેમતો અને બરકતોનો મહીનો છે. આ મહીનો આપણા માટે એક વિશેષ પ્રશિક્ષણ અને જીવન સાથે સંઘર્ષ કેળવવાની તાલીમ આપનારો છે. આથી આ મહીનામાં આપણે આપણાથી શક્ય એટલી વધુ આપણા સર્જનહાર પાલનહાર માલિકની ઉપાસના કરીએ અને તે માટે જ વધુમાં વધુ આપણા માર્ગદર્શક ગ્રંથ કુઆર્નની તિલાવત (પઠન) અને વિશેષ નમાઝો અને ખુદાની યાદમાં મગ્ન રહીને આ ટ્રેનિંગના મહીનાનો પુરેપુરો લાભ લઈ પોતાની જીવનમાં ઈશભય અને મૃત્યુપછીના જીવનમાં જવાબદારી (Accountability)નો અહેસાસ ઉભો કરીને પોતાના જીવનને દરેક નાની મોટી ખરાબીઓ અને બદીઓથી પવિત્ર કરી વધુમાં વધુ સુશોભિત કરવાના પ્રયત્ન કરીએ.

કુર્આનમાં વર્ણવવામાં આવ્યું છે કે, "હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! તમારા માટે રોઝા ફરજિયાત બનાવવામાં આવ્યા, જેવી રીતે તમારી અગાઉ નબીઓના અનુયાયીઓ માટે ફરજિયાત બનાવવામાં આવ્યા હતા."(સૂરઃબકરહ-૧૮૩). પહેલા તો આ આયતથી એ બાબત સુસ્પષ્ટ થાય છે કે અલ્લાહ તરફથી જેટલા પણ કાનૂન અવતરીત કરવામાં આવ્યા છે તે ક્યારેય રોઝાની ઈબાદતથી ખાલી નથી રહેવા પામ્યા.

અગાઉ બતાવ્યા મુજબ રમઝાનનો મહીનો એક પ્રશિક્ષણનો મહીનો છે. રમઝાનની એક મહીનાની ટ્રેનીંગ માત્રથી બાકીના અગિયાર મહિનામાં આપણા મનોમસ્તિષ્કને તાજગી બક્ષીને હંમેશા આપણને એક માલિકના ગુલામ-બંદા હોવાનો અને એક જવાબદારીનો અહેસાસ ઉભો કરાવે છે.

આજે આપણે સમાજની જે વિકટ પરિસ્થતીને નિહાળીએ છીએ અને આજે સમગ્ર વૈશ્વિકસમાજ જે અનૈતિકતાની ગર્તામાં ધકેલાય રહ્યો છે, ક્યાંક નાહકનું કોઈની સંપત્તિનો કબજો તો ક્યાંક નિર્દોષોની કત્લેઆમ વળી ક્યાંક ભ્રષ્ટાચાર રૂપી ભોરિંગનો ભરડો તો ક્યાંક વ્યભિચારની વ્યાપકતા અને આ મોટા અસમાજિક રાક્ષસોના લીધે જ સામાન્ય જનને સ્પર્શતી સમસ્યાઓ જેવી કે મોંઘવારી, ગરીબી, મોંઘુ શિક્ષણ, સામાન્ય જન સાથે અતિશયોક્તિ ભર્યો જોર-જુલમ, સંગ્રહખોરીના લીધે જીવન જરૂરી વસ્તુઓના આસમાની ભાવ, ફેશનના નામે બેશરમીની હદપાર, આરોગ્ય અને શિક્ષણમાં રીતસરનો વ્યાપાર, અતિદારૂણ ગરીબીમાં જીવન વ્યતીત કરનારાઓનો કોઈ હામી નહી માત્ર

સર્વેને પોતાની એશ-અય્યાશી અને સુખ-સાહયબીની ફિકર આવી અતિગંભીર સામાજિક બિમારીઓનું મૂળ ઈસ્લામની દૃષ્ટિએ માત્રને માત્ર ઈશભયની કમી છે. આપણા સર્જનહાર-પાલનહારના બંદા અને ગુલામ હોવાના અહેસાસની કમી કે તેની સમજદારીથી દૂરી અને તેવી જ રીતે આપણા આ જીવનના ટુંકા રોકાણના અંતે મૃત્યુ પછીના જીવનમાં આપણા સર્જનહાર સામે આપણા હીસાબ આપવાની જવાબદારી (Accountability) વિશે આપણી બેપરવા કે નિષ્કાળજી.

હું, તમે, આપણે અને બધાએ સૌએ આવા પવિત્ર રમઝાન માસમાં પોતાની જાતને પ્રશિક્ષિત કરી અને આત્મવિશ્વાસથી ભરપૂર પોતાની જાતને સુશોભિત કરી આપણે સૌએ આ વિશ્વ માનવ સમુદાય રૂપી સાંકળની એક એક કળી બનીને આ સાંકળને મજબૂત કરી વિશ્વસમાજને ભરડામાં લીધેલા આ ભોરિંગથી સમાજને બચાવી પવિત્ર કરી સમાજની નવરચના માટે કટિબદ્ધ થઈએ તે આજના આ વિકટ સમયની તાતી જરૂર છે અને ઈસ્લામનું પણ સુસ્પષ્ટ માર્ગદર્શન છે અને સર્જનહાર પાલનહારની પણ દુનિયામાં માનવને પેદા કરવાનો આ જ હેતુ છે જેને આવો, આપણે સૌ સાથે મળીને સિદ્ધ કરીએ.

આપણા સૌનો સર્જનહાર પાલનહાર અલ્લાહ-ઈશ્વર આપણા સૌની ભરપૂર મદદ કરે અને મૃત્યુ પછીના જીવનમાં આપણા સદ્‌કાર્યો આપણને સફળતા અપાવવામાં સાક્ષી બને. આમીન. —●—

માર્ગદર્શન

● *મુહમ્મદ આબિદ ખાન*

માનવ, કુર્આન અને રમઝાન

ધાર્મિક આધાર ઉપર શારીરિક નિયંત્રણ અને તેના કેટલાય સામાજિક, વૈજ્ઞાનિક લાભોને જોતાં દરેક ધર્મમાં રોઝા, ઉપવાસ, ફાસ્ટીંગની અવધારણા જોવા મળે છે.

ઈસ્લામમાં પણ માનવીની શારીરિક જરૂરતોથી રોકાવા અથવા તો તેને કાબૂમાં રાખવા માટે એક વર્ષમાં એક મહિનો નક્કી કરવામાં આવ્યો છે, જેને રમઝાનનો મહિનો કહેવામાં આવે છે. જો કે આ મહિનાનું પોતાનું એક મહત્ત્વ તેના રૂહાની-આધ્યાત્મિક અસ્તિત્વના કારણે છે, જેને હચમચાવવા તથા જાગૃત કરવાનું કાર્ય કુર્આન દ્વારા કરવામાં આવે છે. સાથે જ આ કુર્આન નાઝિલ (અવતરિત) થવાનો મહિનો પણ છે. અને આ જ કારણથી આ મહિનાનું મહત્ત્વ ઓર વધી જાય છે.

વિશ્વના તમામ માનવો માટે કુર્આનમાં એક જબરજસ્ત સંદેશ છે જે આ મહિનામાં ઓર ઝડપથી ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સાથે જ તેના શિક્ષણને પોતાના જીવનમાં તાજો કરવા અને તેના પર ચાલવાની પ્રતીજ્ઞાને તાજી કરવામાં આવે છે. આથી જ આ

વાત કહી શકાય છે કે રમઝાનનો મહિનો માનવીને પોતાના જીવનના હેતુની યાદ અપાવવાનો મહિનો પણ છે.

જયાં ભૂખ્યા-તરસ્યા રહીને આ અહેસાસ જન્માવવામાં આવે છે કે આપણે એ લોકોના દર્દ-પીડાને સમજી શકીએ કે જેઓ પોતાના સામાન્ય દિવસોમાં એક-એક ટંકની રોટલી માટે તરસે છે, અથવા તો જેમની ભૂખને તેમની ગરીબીએ ઢાંકી દીધી છે, અને તે પ્રતિદિન પોતાના મૃત્યુને જોઈને ડરેલા છે, અને કચરામાં પોતાના જીવનના શ્વાસોને શોધી રહ્યા છે. આ અહેસાસ આપણે જયારે ભૂખ્યા રહીએ તો જીવંત રહેવો જોઈએ.

આની સાથોસાથ માનવીની રૂહને પણ રાતના સમયે 'તરાવીહ'માં ઊભા રહીને કુર્આનની આયતો દ્વારા ખોરાક આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને આ યાદ દેવડાવવામાં આવે છે કે જેવી રીતે ભૂખ, તરસ અને દર્દ-પીડાથી પરેશાન થઈને તેના ઉકેલ માટે માણસ પ્રયત્નો કરે છે એ જ પ્રયત્નો, જદ્દોજહદ તેણે પોતાની રૂહ માટે પણ કરવી જોઈએ. અગિયાર (૧૧) મહિના પોતાના શારીરિક અસ્તિત્વની જરૂરતોને પૂરી કરવામાં લાગેલા રહેવાથી, તેના હૃદયમાં પ્રગટનારા રૂહના દીપક ઉપર આંધીઓ અને ઝાંખપ છવાઈ જાય છે. તે એ છાંખને સાફ કરવા માટેના કેટલાક કાર્યો કરવામાં મોટાભાગે નિષ્ફળ થાય છે. અલ્લાહનો આજ્ઞાપાલક હોવાની હૈસિયતથી માનવીનું ધ્યાન તેના શારીરિક અસ્તિત્વ અને તેની જરૂરતો ઉપર કાબૂ મેળવીને પોતાના રૂહાની અસ્તિત્વની તરફ પલટવા અને તેને પાક કરવાનો બોધ પણ તેને કુર્આનથી જ મળે છે. તેનાથી આ અહેસાસ જન્મે છે કે જેવી રીતે શરીરની જરૂરતોને તે પૂરી કરે છે તેવી જ રીતે તેની રૂહની જરૂરત, સફાઈ અને પવિત્રતાનો ખ્યાલ પણ તેણે જ કરવો જોઈએ, અને સતત કરવો જોઈએ. આ જ સંદર્ભમાં નફ્સ (મનેચ્છા) અને હૃદયની મજબૂતીથી ચારિત્ર્યની ઉચ્ચતાઓ પર પહોંચવાની જદ્દોજહદને વધુ ઝડપી બનાવવામાં આવે. સાથે જ આ ઝુંબેશ માત્ર વ્યક્તિ સુધી જ મર્યાદિત ન હોય બલ્કે આનાથી આગળ વધીને તે સમાજ સુધી પહોંચે. તેના સાફ-સૂથરા પ્રકાશથી સમાજમાં ભલાઈ અને બૂરાઈ અલગ-અલગ દેખાવા લાગે.

કુર્આનના પ્રકાશમાં માનવી વ્યભિચાર, નિરર્થક જીવન, નશો, અશ્લીલતા, જૂઠ, ચોરી, બૂરાઈ, બેઈમાની, ઝઘડા જેવી વ્યક્તિગત બૂરાઈઓથી બચવા પ્રયત્ન કરે છે.

આ જ મજબૂત વ્યક્તિગત્ ચારિત્ર્યના પાયા ઉપર એક એવા સભ્ય સમાજની ઈમારત ઊભી કરી શકાય છે જેમાં માનવોના હક, તેમનું સન્માન, પરસ્પરનો ભાઈચારો, સ્ત્રીઓનું સન્માન, તેમની સુરક્ષા, સમાજમાં શાંતિ, સુકૂન અને સૌને સમાન તકો અને અધિકારો પ્રસ્થાપિત કરી શકાય છે, તેમને સુરક્ષિત કરી શકાય છે. એક એવું સામૂહિક વાતાવરણ ઊભું કરી શકાય છે કે જેમાં લોકો પોતે જ બૂરાઈથી બચવા તથા ભલાઈઓ તરફ દોડવાનો પોતાના માટે ઈજજતનું સ્થાન સમજે. લોકો એકબીજાની ભૂખ, તરસ, એકબીજાની પીડાને સમજે, સમાજમાં ગરીબ અને અનાથો માટે ધનવાન લોકો પોતાના દસ્તરખ્વાન ખોલે, તેમના ભોજન તથા અન્ય જરૂરતોનો ખ્યાલ ધનવાન તથા શાસકો બન્ને મળીને રાખે. ઝકાતની રકમથી યતીમ-અનાથ, મિસ્કીન અને નિર્દોષ લોકોને ન્યાય અપાવવામાં આવે. માનવોની ભલાઈ તથા ઈસ્લામના શિક્ષણને પ્રચલિત કરવા માટેના નાના નાના કાયમી રહેનારા પ્રયત્નો કરવામાં આવે.

અને આ તમામ વાતો લોકોના દિલો ઉપર તકવા (સંયમ, ઈશભય) રહેવાથી જ લાંબા સમય સુધી અને નિરંતર કે સતત રહેવાથી કરી શકાય છે, તેનાથી જ તેમને સભ્ય રહેવાની ઉર્જા મળે છે, આશા મળે છે, હિંમત મળે છે.

અને આ જ ઈસ્લામની રૂહ છે કે જેને રમઝાનના મહિનામાં તાજી કરવા માટે એક મહિનાની ઝુંબેશ ચલાવવામાં આવે છે, કે જેથી માનવી પોતાના સર્જનહાર અલ્લાહને માત્ર યાદ કરે એટલું જ નહીં, બલ્કે તેનો પ્રેમ અને તેના ડરથી લોકોની ભલાઈ માટે દરેક કાર્ય કરે જે માનવોને કુદરતી રીતે ફાયદો પહોંચાડનાર હોય. એ દરેક કાર્યથી અટકાવે જે તેને વ્યક્તિગત રીતે કે સામાજિક-સામૂહિક રીતે નુકસાન પહોંચાડતું હોય.

અલ્લાહતઆલાથી દુઆ છે કે આપણા બાળકો, યુવાનો, બુઝુર્ગો (વડીલો) તથા મહિલાઓને આ મહિનાની મહાનતા અને માનવો માટે કુઆર્નને સંપૂર્ણપણે રહેમત, સમજતાં તેના પર ચાલવાની હિંમત એનાયત કરે. —●—

તે જન્નતમાં હોય તો પછી... ધીરજ રાખીશ

● રજૂઆતઃ **મુહમ્મદ અમીન શેઠ**

હદીસ સંગ્રહ બુખારી અને મુસ્લિમમાં પ્રસિદ્ધ સહાબી હઝરત અનસ રદિ.થી એક પ્રસંગ વર્ણન કરવામાં આવ્યો છે. તે મુજબ અલ્લાહના રસૂલ સ.અ.વ.ના એક સહાબી હારિસા બિન સુરાકા રદિ. બદ્રના યુદ્ધમાં શહીદ કરી દેવામાં આવ્યા. તો તેમની વાલેદા અલ્લાહના રસૂલ સ.અ.વ.ની સેવામાં હાજર થયા અને પૂછ્યું, હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! મને મારા દીકરા હારિસા વિષે જણાવો જે બદ્રના યુદ્ધમાં શહીદ થઈ ગયો છે, તે જન્નતમાં છે કે નહીં?જો તે જન્નતમાં છે તો હું ધીરજ રાખીશ, અને જો એવું નથી તો પછી અલ્લાહ મને માર્ગદર્શન આપે કે હું શું કરૂં? આપ સ.અ.વ.એ તે લાગણીશીલ મહિલાથી ફરમાવ્યુંઃ "તારૂં ખરાબ થાય, તું તારા દીકરાના ખોવાઈ જવાનો વિલાપ કરી રહી છે. જન્નતના આઠ પ્રકાર છે અને તારો દીકરો તેના સૌથી શ્રેષ્ઠ પ્રકાર એટલે ઉચ્ચ જન્નતુલ ફિરદૌસમાં છે."

આ એક એવું વ્યક્તિત્વ છે જે આપણા સામે એક મુસ્લિમ આવાહક મહિલાનું ચિત્ર રજૂ કરે છે. આ ખાતૂનની ભાવના અને લાગણી કેટલા ઉચ્ચ પ્રકારના અને તેમના વિચારો કેટલા શ્રેષ્ઠ છે! યુદ્ધનું મેદાન તેમના સામે ખૂબ વિસ્તૃત થઈ ગયું કે તે રણમેદાનમાં સામે આવેલા તમામ પ્રસંગો કે બાબતોને અજ્ઞાનતાની નજરે નથી જોતી ત્યાં સુધી કે તેનો દીકરો કે ભાઈ પણ યુદ્ધમાં ખપી ગયો તો તેના પર માતમ કે રુદન કરીને સમગ્ર જગતને માથા પર નથી લઈ લેતી.. તેનાથી વિપરીત તેણીએ પોતાનું

બાકીનું જીવન તેની યાદમાં ધીરજપૂર્વક ગુજારી દીધું. જેમ કે હઝરત ખન્સા રદિ. પોતાના એક શે'રમાં કહે છે જેનો અનુવાદ આ મુજબ છે,

"જ્યારે સૂર્યોદય થાય છે તો મને મારો ભાઈ સખર યાદ આવવા લાગે છે અને જ્યારે સૂરજ ડૂબવા લાગે છે તો હું તેને જ યાદ કરતી રહું છું."

તે સ્ત્રી આ નાશવંત જગતને એ રીતે જોઈ રહી હતી કે આ વાસ્તવિક પ્રવાસનો આરંભ છે અને આલોક પછી પરલોકનું જીવન છે. તે એ વાત જાણતી હતી કે આ દુનિયા થોડાક જ દિવસની છે, નાશવંત છે, જ્યારે કે પરલોક અને આખિરતનું જીવન અનંત અને કાયમી છે. એટલા માટે જન્નત (સ્વર્ગ) હોય કે જહન્નમ (નર્ક) બંને કાયમ માટે છે.

અહીં આપણી મુસ્લિમ બહેનો કહેશે કે તેનો દીકરો જહન્નમમાં ગયો છે તો તે સ્ત્રીએ તેનાથી જુદા થવા સાથે તેના બૂરા અંજામ બાબતે પણ રડવું જોઈએ અને જો જન્નતમાં ગયો છે તો તે માત્ર ધીરજ જ ન ધરે બલ્કે અલ્લાહનો આભાર પણ માને, તેની પ્રશંસા કરે અને આ દુઆ પણ કરે કે અલ્લાહ તેના દીકરાના સાથે તેને પણ પોતાની કૃપા અને દયાના છાંયડામાં લઈ લે.

જ્યારે ઈસ્લામનું આગમન થયું તો આ રીતે સ્ત્રીઓ અજ્ઞાનતાની આદતો છોડીને ઈસ્લામ અને તેના શિક્ષણ ને તાલીમની ચાહક બની ગઈ હતી. તમારૂં શું માનવું છે? શું અજ્ઞાનતાથી ઈસ્લામ તરફનો આ પ્રવાસ ખૂબ વિશાળ અને ફેલાયેલો નથી? —●—

અસલ રાંદેરના જૂના અને જાણીતા હાડવૈદ
ડો. ઈસ્માઈલભાઈ લાલા હાડવૈદ
ડી.ઓ. એમ., એન.ડી., એમ.ડી.હર્બલ
નસ તથા હાડકાના રોગોના નિષ્ણાંત ઓપરેશન વગર સારવાર
ફેકચરો, હાડકાઓનું ગંભીર રીતે ભાંગી જવું, હાડકાના ચૂરેચૂરા થઈ જવા, સાંધાઓનું ઉતરવું, હાડકાનો જૂનો દુઃખાવો, સ્લીપ ડીસ્ક તથા ખોટ ખાપણની ખાત્રીપૂર્વક ઉપચાર કરી આપીશું.
ક્યોર ક્લિનીક
સમય : સવારે ૯ થી ૧ શુક્રવારે બંધ રહેશે. રવિવારે રાબેતા મુજબ ચાલુ
એલ/૮, શાકુંતલ કોમ્પ., સંઘવી ટાવરની બાજુમાં. અડાજણ રોડ, સુરત ફોનઃ (૦૨૬૧) ૨૭૮૬૦૫૫
સમય : સાંજે ૬ થી ૮ ગુરૂવારે બંધ રહેશે. રવિવારે સાંજે ૪ થી ૬
જી-૧, અમન એપાર્ટમેન્ટ નાની પારસીવાડ, રાંદેર ગામ, સુરત.

● મુહમ્મદ ફારુક ખાં

હાસ્ય વિનોદ : મહત્ત્વ અને સીમાઓ

આનંદ-પ્રમોદ અને હસી-મજાક મનુષ્યની સુક્ષ્મ બુદ્ધિમતા અને તેની પ્રકૃતિની સૂક્ષ્મતાના ગુણોમાંથી છે. સુશીલતા ઈન્સાનનું જીવંત હૃદય હોવાનું એક ખાસ લક્ષણ છે. શુષ્ક અને મુર્દાદિલ વ્યક્તિ જે મહેફિલ કે સભામાં પહોંચશે તેને ઉદાસ કરીને રહેશે. આવી વ્યક્તિ જીવનની ઉચ્ચતમ સત્યતા અને જીવનના રહસ્યોથી અજાણ હોય છે. એટલા માટે જીવનના ઘણાં રહસ્યો એવા હોય છે કે જેનાથી પરિચિત થવા માટે સંવેદનશીલ હોવું જરૂરી છે. આવી વ્યક્તિ જેને વાટિકામાં સુકાયેલા પત્તા જ દેખાતા હોય તે બગીચાની શોભાને ક્યારેય પણ નથી જાણી શકતો. બગીચામાં મહેકતા સુંદર ફૂલો પણ હોય છે, ગણગણતા ભમરા અને કલરવ કરતા પક્ષી પણ હોય છે, પરંતુ પોતાની વિશેષ મનોવૃત્તિને લીધે તે બગીચાનું સૌંદર્ય નિહાળી શકતો નથી અને ન ફૂલોની ખુશ્બૂઓ તેના મનને મોહક કરી શકે છે. તેની નકારાત્મક મનોવૃત્તિ તેને પ્રકૃતિ સાથે સહભાગી બનાવવામાં અવરોધક હોય છે.

જો કોઈ વ્યક્તિને ત્યાં હસી ખુશી અને આનંદ-પ્રમોદનો તીવ્ર અભાવ જોવા મળે છે તો તેનાથી કોઈ મોટી આશા નથી રાખી શકાતી. એટલા માટે કે વિકાસ અને આશાઓનો સંપર્ક સદૈવ જીવંત હૃદય અને ઉત્સાહ સાથે હોય છે. શુષ્ક સ્વભાવવાળી વ્યક્તિ ઈશ્વરની ઘણી સુક્ષ્મ દયા અને પ્રેમ સંકેતોને પકડવામાં અસમર્થ રહે છે. સારાંશ આ છે કે આનંદ-પ્રમોદ અને હસી-મજાકનું માનવ-જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે, પરંતુ હંસી મજાક અને આનંદ પ્રમોદ માટે અનિવાર્ય છે કે તે સભ્યતાની હદની બહાર ન થાય અને સભ્યતા સાથે તેમાં સંતુલન પણ હોવું જોઈએ. વધુ પડતી હસી-મજાક અને આનંદ-પ્રમોદથી વ્યક્તિની ગરિમા જળવાતી નથી. આથી આ સિલસિલામાં વ્યક્તિને ખૂબ જ સતર્ક રહેવું જોઈએ. શાકમાં મીઠું હોવું જરૂરી છે, પરંતુ જો મીઠું ખૂબ જ વધારે નાખી દેવામાં આવે તો શાક ઝેર જેવું થઈ જશે અને કોઈ ખાઈ પણ નહિ શકે. એટલા માટે જ્યાં જરૂરી છે કે વ્યક્તિને આનંદ-પ્રમોદથી દિલચસ્પી હોય ત્યાં આ પણ આવશ્યક છે તેની આ દિલચસ્પી મર્યાદિત હોય. ખુદ નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ક્યારેક ક્યારેક રમૂજ કર્યું છે, જો કે આપની ઉપર પયગંબરીની ખૂબ જ ભારે જવાબદારીનો ભાર હતો. એક અવસર પર આપે એક વૃદ્ધ સ્ત્રીને કહ્યું કે વૃદ્ધ સ્ત્રીઓ જન્નતમાં નહીં જાય, તો તે વૃદ્ધ સ્ત્રી ગભરાઈ ગઈ, આપે કહ્યું, "વૃદ્ધ સ્ત્રીઓ જન્નતમાં જશે ત્યારે તેને જવાન કરી દેવામાં આવશે." અર્થાત્ વૃદ્ધ નહીં રહે, આ વાત સાંભળીને તે સ્ત્રી ખુશ થઈ ગઈ. આવી જ રીતે એક વખત એક વ્યક્તિએ આપની પાસેથી સવારી માટે ઊંટ માંગ્યો. આપ સ.અ.વ.એ કહ્યું, "હું તમને ઊંટનું બચ્ચું આપીશ." આની પર તે વ્યક્તિ એ કહ્યું, "હું ઊંટનું બચ્ચું લઈને શું કરીશ, મને તો સવારી માટે ઊંટ જોઈએ." આપ સ.અ.વ.એ કહ્યું, "શું કોઈ એવું પણ ઊંટ છે જે ઊંટનું બચ્ચું ન હોય?" આ આપ સલ્લ.નું રમૂજ હતું, એક સભ્ય રમૂજ, જેમાં અસત્યનો સમાવેશ નથી થતો.

લોકોને પોતાની નજીક કરવા કે નજીક લાવવા અને તેનાથી હળીમળીને

રહેવા માટે પણ આનંદ પ્રમોદ એક શ્રેષ્ઠ ઉપાય છે. અલ્લામા ઇકબાલ ફક્ત એક કવિ જ ન હોતા, બલ્કે એક દાર્શનિક તેમજ ચિંતક પણ હતા, તેમને એક દર્દ ભર્યું દિલ પણ મળ્યું હતું. તે ઇસ્લામના અને મુસ્લિમ સમુદાયના વિકાસ માટે ચિંતિત રહ્યાં કરતા હતા, પરંતુ તે શુષ્ક મિજાજ અને સ્વભાવના ન હોતા. એમને ત્યાં પણ હસી-મજાક અને રમૂજની વાતો થતી હતી. અલ્લામાને તેમના વિચાર અને દર્શને શુષ્ક મિજાજ નથી બનાવ્યા અને ન તેમના જીવંત હૃદયને કોઈ આઘાત પહોંચ્યો.

યુરોપમાં એક સુપ્રસિદ્ધ મહિલાએ એક વખત અલ્લામાને પોતાના ઘરે જમવાનું આમંત્રણ આપ્યું. એ મહિલાનું મકાન એટલું સુંદર અને સુસજ્જિત હતું કે લાગતું હતું કે ખલીફા હારૂન રશીદનો મહેલ હોય. વાતચીતમાં મહિલાએ અલ્લામાથી પોતાના મકાન વિશે પૂછ્યું કે કેવું છે? અલ્લામાએ કહ્યું કે તમે તો દુનિયામાં જ જન્નત બનાવી રાખી છે, હું તો મારી જન્નતની પ્રતીક્ષામાં છું. અલ્લામાના આ વાક્યથી વાત જાહેર થાય છે કે અલ્લામાની નજરમાં એ મહિલાનું ભવન સુંદર અને આકર્ષક હતું. મહિલા એ ઇચ્છતી હતી કે અલ્લામાના મુખમાંથી પોતાના ભવન વિશે પ્રશંસાના શબ્દો સાંભળે. અલ્લામાએ તેની આ ઇચ્છા પણ પૂરી કરી દીધી અને તેની સાથે તેને આ સંકેત પણ આપી દીધો કે જે કોઈએ પણ દુનિયામાં પોતાની જન્નત બનાવી લીધી અને આવનારા શાશ્વત જીવનમાં તેને જન્નત નહીં મળે તો તે નુકસાનીમાં જ રહેશે. બુદ્ધિમાન વ્યક્તિ તે છે જેને પરલોકમાં મળનારી જન્નતની પ્રતીક્ષા હોય.

એક વાર એવું થયું કે અલ્લામાને એક વ્યક્તિ વિશે કહ્યું કે આ નાસ્તિક છે. તેને ઈશ્વર પર વિશ્વાસ નથી, તમે તેને સમજાવો. અલ્લામાએ કહ્યું, "જેને ઈશ્વર સમજાવી ન શક્યો, તેને હું શું સમજાવી શકું."

અલ્લામાનું આ વાક્ય ખૂબ જ અર્થપૂર્ણ, માર્મિક અને સૂચક છે, જે હૃદયને જાગૃત કરવા માટે પર્યાપ્ત છે. અલ્લામા કહેવા એ માંગે છે કે ઈશ્વરમાં વિશ્વાસ તેને જ પ્રાપ્ત થાય છે અને ઈમાનની દૌલત તે જ વ્યક્તિને મળે છે જેને ઈશ્વર આ દૌલત આપવા ઇચ્છે છે. અલ્લાહની તૌફીક વગર આ શ્રેય પ્રાપ્ત નથી થતું અને વિશ્વસનીય વસ્તુ પણ તે જ હોય છે જે ઈશ્વર તરફથી મળેલ હોય.

ઉપર્યુક્ત વાતોથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સભ્ય રમૂજ અને મૂર્ખતામાં ઘણું અંતર છે. જીવનમાં તે રમૂજની આવશ્યકતા છે જેમાં સભ્યતા હોય અને સત્યની વિરુદ્ધ ન હોય તથા જીવન માટે ઉપયોગી પણ હોય. ●

મોબાઈલ : 97230 03500

CA

કલીમ અન્સારી
(B.Com, C.A. Inter)

સુલેમાન અબ્દુર્રેહમાન એન્ડ કું.

ટેક્સ કન્સલ્ટન્ટ્સ

ઈન્કમટેક્સ રીટર્ન ફાઈલ, GST રીટર્ન ફાઈલ, GST રજીસ્ટ્રેશન, ટેક્સ પ્લાનિંગ, ટેક્સ મેનેજમેન્ટ, ધંધાકીય સલાહ સુચન, પ્રોજેક્ટ રીપોર્ટ, ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ અને કોમ્પ્યુટરાઈઝ્ડ એકાઉન્ટિંગ

એડ્રેસ : ૧૮, મોડર્ન કોમ્પ્લેક્ષ, ઉષા સીનેમા રોડ, ગોમતીપુર, અહમદાબાદ - ૩૮૦૦૨૧

શિકવા

● ડો. મુહમ્મદ ઇકબાલ (વિવરણ : મોહમ્મદ સઈદ શેખ)



(ગતાંકથી ચાલુ)

(૯)

તૂહી કેહ દે કે ઉખાડા દરે ખૈબર કિસને?
શહેર કૈસર કા જો થા ઉસકો કિયા સર કિસને?
તૌડે મખ્લૂકે ખુદાવંદો કે પયકર કિસને?
કાટ કર રખ દિએ કુફ્ફારકે લશ્કર કિસને?
કિસને ઠંડા કિયા આતિશકદએ ઈરાંકો?
કિસને ફિર ઝિન્દા કિયા લશ્કરએ યઝદાં કો?

શબ્દાર્થ: શહરે કૈસર = રોમન સામ્રાજ્ય, યઝદાં = નેકીનો ખુદા/ ઈશ્વર

ભાવાર્થ : અય ખુદા, આટલું બતાવી દે કે યહૂદીઓની પ્રસિદ્ધ વસ્તી ખૈબરમાં અલ્‌કુદુસનો દરવાજો કોણે એકલા હાથે ઉખાડી ફેંક્યો હતો? એક કથન અનુસાર આ દરવાજો એટલો મહાકાય અને મજબૂત હતો કે આને ઓછા વધતાં સો લોકો મળીને એક સાથે બંધ કરતા અને ખોલતાં હતા. ઈસ્લામી ઈતિહાસનો આ એક મહત્વનો પ્રસંગ છે કે શેરેખુદા (ખુદાના સિંહ) હઝરત અલી ઈબ્ને તાલિબ રદિ.એ ખૈબરના યુદ્ધમાં એમણે એકલાએ આ દરવાજો ઉખાડી ફેંકી દીધો હતો. જેના પછી ઈસ્લામી લશ્કરે સરળતાથી કિલ્લામાં પ્રવેશી એનો કબજે લઈ લીધો હતો. રોમન સામ્રાજયના મહાન શહેર ગણાતા કોન્સ્ટેન્ટીનોપલ (હવે ઈસ્તંબૂલ) ઉપર વિજય કોણે મેળવ્યો હતો? એ કોણ હતા જેમણે આવા નાફરમાન લોકોને કાપી નાખ્યા હતા. જેઓ સર્જન હોવા છતાંય પોતે સર્જક (ઈશ્વર) હોવાનો દાવો કરી બેઠા હતા. અને આ પણ બતાવી દે કે કુફ્ફાર (અલ્લાહનો ઈન્કાર કરનારાઓ)ના લશ્કરને કયા લોકોએ તહેસનહેસ કરી નાખ્યા હતા. જે યુગમાં ઈરાનમાં આગની પૂજા કરવામાં આવતી હતી અને ત્યાંના લોકો અગ્નિપૂજકો - પારસીઓ કહેવાતા હતા એમની અગિયારીઓ (આતશકદા)ને હંમેશ માટે ઠારી નાખનાર લોકો કોણ હતા. આ બધા કાર્યો પછી એકેશ્વરવાદનો પ્રચાર પ્રસાર નવેસરથી કોણે શરૂ કર્યો હતો?

(૧૦)

કૌન સી કોમ ફકત તેરી તલબગાર હુઈ?
ઔર તેરે લિએ ઝહમત કશે પયકાર હુઈ?
કિસકી શમશીરે જહાંગીર, જહાંદાર હુઈ?
કિસકી તકબીરએ દુનિયા તેરી બેદાર હુઈ?
કિસકી હયબત સે સનમ સહમે હુએ રહતે થે!
મુંહ કે બલ ગિરકે હુવલ્લાહુ અહદ કહતે થે

શબ્દાર્થ: ઝહમતકશે પયકાર = યુદ્ધની મુશ્કેલીઓ, સનમ = બુત/ મૂર્તિ

ભાવાર્થ : અય ખુદા, આ બતાવી દે કે ઈસ્લામી સમૂદાય સિવાય બીજી કઈ કોમ (સમૂદાય) હતી જેણે તારાથી પ્રેમ કર્યો. તારા માટે હંમેશા રણભૂમિમાં યુદ્ધની તકલીફો વેઠવામાં અગ્રેસર રહી. એ કઈ કોમની તલવાર હતી જેણે સમગ્ર વિશ્વને પોતાને તાબે કરી દીધું અને એના ઉપર શાસન પ્રસ્થાપિત કર્યું. કોના 'નારાએ તકબીર'થી દુનિયા જાગી ઊઠી અને સારા-નરસાંનો ભેદ પારખવા લાગી, એ કઈ કોમ હતી જેના ભયથી બુતો પણ થરથર કાંપતા હતા અને એમની સામે સજદામાં પડી જતા હતા અને તારા એકેશ્વરવાદનો એકરાર કરી લેતા હતા. જાહેર છે કે આ કોમ મુસલમાનો સિવાય બીજી કોઈ ન હતી.

(૧૧)

આ ગયા એન લડાઈ મેં અગર વક્તે નમાઝ
કિબ્લા રૂ હો કે ઝમીં બોસ હુઈ કોમે હિજાઝ
એક હી સફમેં ખડે હો ગએ મહમૂદ વ અયાઝ
ન કોઈ બંદા રહા ઔર ન કોઈ બંદા નવાઝ
બંદા વ સાહબ વ મોહતાજ વ ગની એક હુએ
તેરી સરકારમેં પહુંચે તો સભી એક હુએ

શબ્દાર્થ: કોમે હિજાઝ = અરબ લોકો, ઝમીં બોસ = ઝમીનને ચુંબન કરવું અર્થાત્ સજદો કરવો, બંદા = ગુલામ/ દાસ/ સેવક, ગની = માલદાર/ ધનવાન

ભાવાર્થ : અય સાચા પાલનહાર! તુ આ વાતથી બહુ સારી રીતે ખબરદાર છે કે રણભૂમિમાં ભયંકર લડાઈ વખતે અને સંઘર્ષ દરમ્યાન પણ જો તારી ઈબાદત એટલે કે નમાઝનો સમય આવી જતો તો મુસલમાન યોદ્ધાઓ શત્રુઓની તલવારોની પરવા કર્યા વિના કાબાશરીફની દિશામાં સફો બનાવીને તારી સમક્ષ સજદામાં ઝુકી જતા હતા. આ દરમ્યાન યૌદ્ધાઓમાં અમીર, ગરીબ, કાળા, ગોરા, માલિક કે ગુલામ બધા ભેદભાવ ખતમ થઈ જતા અને બધા એક જ કતારમાં ઊભા થઈ જતા, તારી સમક્ષ આવીને બધા સમાન થઈ જાય છે.

(૧૨)

મહેફિલે કોનો મકાં મેં સહન સહર વ શામ ફિરે
મયે તૌહીદ કો લેકર સિફતે જામ ફિરે
કોહમેં, દશ્ત મેં લેકર તેરા પયગામ ફિરે
ઔર મા'લૂમ હૈ તુઝકો કભી નાકામ ફિરે?
દશ્ત તો દશ્ત હૈ દરિયા ભી ન છોડે હમને
બહરે ઝુલ્માતમેં દૌડા દીએ ઘોડે હમને

શબ્દાર્થ: મહેફિલે કોનો મકાં = દુનિયા,

કોહ = પર્વત, દશ્ત = રણપ્રદેશ/ જંગલ, બહરે ઝુલ્માત = ઊર્દુમાં ઓક્યાનુસ/ એટલાન્ટિક સમુદ્ર

ભાવાર્થ : તુ જાણે છે કે યુગો સુધી મુસલમાનો તારો સંદેશ લઈને સમગ્ર વિશ્વમાં ભ્રમણ કરતા રહ્યા, અને દરેક વ્યક્તિને એકેશ્વરવાદનું આમંત્રણ આપતા રહ્યા. તારો સંદેશ લઈને તેઓ પહાડો અને જંગલો, રણપ્રદેશોમાં ફરતા રહ્યાં અને આ વાત તું સારી રીતે જાણે છે કે આમાં મુસલમાનો ક્યારે વિફળ નથી થયા. હે માલિક! તને જ્ઞાન છે કે રણપ્રદેશો તો ઠીક અમે તો સમુદ્રો પણ નથી છોડ્યા અમે તો એટલાન્ટિક સમુદ્રમાં પણ ઘોડાઓને દોડાવ્યા છે. (આશય આફ્રિકા ખંડથી સ્પેન-યુરોપ સુધી ગયેલા મુસલમાનોથી છે.)

(૧૩)

सफ़हअे दहेर से बातिल को मिटाया हमने
नूअे ईन्सांको गुलामी से छुडाया हमने
तेरे कअबे को जबीनों से बसाया हमने
तेरे कुआर्न को सीनो से लगाया हमने
फ़िर भी हमसे यह गिला है कें वफ़ादार नहीं
हम वफ़ादार नहीं, तू भी तो दिलदार नहीं

શબ્દાર્થ: બાતિલ = કુફ્ર/ ઈન્કાર/ ઝુઠું, જબીન = માથું

ભાવાર્થ : અમે મુસલમાનોએ પોતાના સંઘર્ષ અને ત્યાગથી ઝૂઠ/ અસત્ય/ કુફ્રને નાબૂદ કરી સચ્ચાઈ/ સત્યતાનો ડંકો વગાડ્યો. માનવને બીજા માનવની ગુલામીથી મુક્તિ અપાવી.તારા કાબામાંથી મૂર્તિઓને ખસેડી પોતાના માથા ઝુકાવીને આબાદ કર્યો. અમે તારા કુઆર્નને હૃદયમાં સુરક્ષિત રાખ્યો. એમ છતાંય તને આ ફરિયાદ છે કે અમે તારા વફાદાર સેવકો નથી. પરંતુ આ જાણી લે કે અમે વફાદાર નથી તો તે પણ અમને ક્યાં દિલાસો આપ્યો? અર્થાત્ અમે મુસલમાનોએ તો તારા માટે દરેક શક્ય કુરબાની આપી જ્યારે તારૂં વર્તન જગજાહેર છે.

(૧૪)

उम्मतें और भी है, उनमे गुनहगारभी हैं
ईजझ वाले भी हैं मस्ते मय पिन्दारभी हैं
उनमें काहिल भी है, गाफ़िल भी हैं हुशियारभी हैं
सेंकडो हैं कें तेरे नाम से बेझाग्मर भी है
रहमतें हैं तिरी अगियार कें काशानों पर
बर्क गिरती है तो बे चारे मुसलमानों पर

શબ્દાર્થ: કાશાનોં = ઘરો

ભાવાર્થ : અય ખુદા! નિશંક આ દુનિયામાં મુસ્લિમ સમૂદાય ઉપરાંત બીજા પણ ઘણાં સમૂદાયો વસે છે. એમનામાં કેટલાક સજ્જનો છે તો કેટલાક ગુનેહગારો પણ. એવા લોકો પણ છે જેઓ ગરીબી અને નિર્બળતામાં પોતાનું જીવન પસાર કરે છે અને કેટલાક એવા લોકો પણ છે જેમને ઘમંડ છે. એમનામાં આળસી અને હોશિયાર અને ગાફેલ લોકો પણ મોજૂદ છે. અને અસંખ્ય એવા લોકો છે જે તારૂં નામ લેવાનું પણ પસંદ નથી કરતાં. પરંતુ સ્થિતિ આ છે કે અમારા શત્રુઓ ઉપર તારી દયા અને કૃપા અસીમ છે. પરંતુ અમે મુસલમાનો ઉપર તારો પ્રકોપ જ ઉતરે છે.

(૧૫)

बुत सनमखानोंमें कहते हैं मुसलमान गअे
है खुशी उनको कें का'बे कें निगेहबान गअे
मंझिले दहेर से ऊंटो कें हुदीख्वान गअे
अपनी बगलों में दबाअे हुअे कुआर्न गअे
खंदाझन कुफ़ है, अहेसास तुझे है कें नहीं?
अपनी तौहीदतो हिद का कुछ पास तुझे है कें नहीं?

શબ્દાર્થ: મંઝિલે દહેર = દુનિયાની મંઝિલ, હુદીખ્વાન = ઊંટ ચરાવનાર

ભાવાર્થ : હવે પરિસ્થિતિ આ છે કે અમારા શત્રુઓ ડંકાની ચોટે કહી રહ્યા છે કે મુસલમાનોનો ખાત્મો થઈ ગયો. એમને તો આનંદ છે કે જે લોકો કા'બાના રક્ષક હતા તેઓ હંમેશ માટે રવાના થઈ ગયા. એ લોકો કે જેઓ કાફલામાં ઊંટોની સાથે ગીત ગાતા પ્રવાસ કરતા હતા તેઓ ચાલ્યા ગયા. આ લોકો જ નહીં પરંતુ પોતાની બગલોમાં કુઆર્નને દબાવીને ચાલ્યા ગયા. કહેવાનું તાત્પર્ય આ છે કે ઈસ્લામી સમૂદાયના પતન પર બીજા સમૂદાયો ખુશ છે કે આ સમૂદાય તો કુઆર્નને બગલામાં દબાવીને ચાલ્યો ગયો. તું જાણે છે કે વિધર્મીઓ/ નાસ્તિકો અમારી હાંસી ઉડાવવા તૈયાર બેઠા છે પરંતુ તને કદાચ પોતાની તૌહીદ/ એકેશ્વરવાદની કોઈ
ચિંતા નથી.

(૧૬)

यह शिकायत नहीं , हैं उनके खजाने म्आमूर
नहीं महफ़िलमें जिन्हे बात भी करने का शऊर
कहेर तो यह है कें काफ़िर को मिलें हूरो कसूर
और बेचारे मुसलमां को फ़कत वादाअे हूर
अब वह अल्ताफ़ नहीं, हमपे ईनायात नहीं
बात यह है कें पहेली सी मुदारात नहीं

શબ્દાર્થ: મ્આમૂર = ભરેલાં, શઊર = શિષ્ટતા/ સભ્યતા, મુદારાત = આવભગત કરવી/ યજમાની

ભાવાર્થ : આ કોઈ ફરિયાદ નથી પરંતુ વાસ્તવિકતા છે કે તે એ લોકોને ધનદોલત આપ્યાં છે અને એમના ખજાના ભરી દીધાં છે જેમને મહેફિલમાં વાત કરવાની શિષ્ટતા પણ નથી. અફસોસ માત્ર આ વાતનું છે કે કાફિરોને તો આ જગતમાં જ મહેલો અને સુંદર સ્ત્રીઓ આપી દીધી છે જ્યારે મુસલમાનોને માત્ર હૂર/ અપ્સરાના વાયદા ઉપર ટટળાવી રાખ્યો છે અને એ હૂરો પણ સ્વર્ગમાં દાખલ થયા પછી જ મળવાની છે!. આખરે અમારાથી એવી કઈ ભૂલ થઈ ગઈ છે કે પહેલાની જેમ અમારા ઉપર કૃપા દૃષ્ટિ અને અમારી આવભગત નથી રહી.

(૧૭)

क्युं मुसलमानों में है दोलते दुनिया नायाब
तेरी कुदरततो है वह जिसकी न हद है न हिसाब
तू जा जो चाहे तो ऊठे सीनहअे सैसेहरासे हबाब
रहरवअे दस्त दश्त हो सीली ऊहद मौ जे सराब
तअने अगियार है, रुस्वाई है, नादारी है
क्या तिरे नाम पे मरने का ईवज ख्वारी है

शब्दार्थः હબાબ = પાણીનો પરપોટો, મૌજે સરાબ = મૃગજળ, તઅને અગિયાર = બીજા લોકોના મહેણાં ટોણાં, ખ્વારી = અપમાન/ અનાદર

ભાવાર્થ : આખરે મુસલમાનોએ એવા કયો ગુનો કર્યો છે કે તેઓ દુનિયાની દોલતથી વંચિત રાખવામાં આવ્યાં છે? જ્યારે તારા અધિકારમાં તો એટલું બધું છે કે જેની કોઈ સીમા નથી, ન જ તેનો કોઈ હિસાબ છે. તુ આટલી શક્તિ ધરાવે છે કે જો તું ઈચ્છે તો રણપ્રદેશમાં પણ સમુદ્રની માફક પાણી વહેતું થઈ જાય અને રણપ્રદેશમાં યાત્રા કરનાર યાત્રીની સામે તું ઈચ્છે તો મૃગજળને બદલે વાસ્તવિક જળ એટલું વહાવી દે કે એને ડૂબવાનો ભય લાગવા માંડે. અમે તો બીજા લોકોના મહેણાં ટોણાં સાંભળી રહ્યા છીએ અને નાદાર અને અપમાનિત થઈ ગયાં છીએ. તું અમને આટલું કહી દે કે તારી ઉપર પ્રાણ ન્યોછાવર કરવાનો બદલો શું તિરસ્કૃત અને બરબાદ થવામાં જ છે?

(૧૮)

बनी अगियारकी अब चाहनेवाली दुनिया
रह गई अपने लिअे अेक खयाली दुनिया
हम तो रुखसत हुअे औरों ने संभाली दुनिया
फिर न कहेना हुई तौहीद से खाली दुनिया
हम तो जीते है के दुनियामें तिरा नाम रहे
कहीं मुमकिन है के साकी न रहे जाम रहे?

શબ્દાર્થઃ અગિયાર = ગૈરનું બ.વ./ પારકાં/ પ્રતિદ્વંદી

ભાવાર્થ : એક જમાનો હતો જ્યારે દુનિયામાં મુસલમાનોનું શાસન અને પ્રભાવ હતું. હવે એવું લાગે છે કે બિન મુસ્લિમોને આ દુનિયા પસંદ કરવા લાગી છે. અમારી પાસે તો બસ જાણે એક સ્વપ્નની દુનિયા રહી ગઈ છે. અમે આના પ્રભાવતળેથી હટી ગયાં છીએ. હવે બીજા લોકોએ આની ઉપર કબજો જમાવી લીધો છે. આવી સ્થિતિમાં આ ફરિયાદ ન કરવી કે દુનિયામાંથી તૌહીદ/ એકેશ્વરવાદ નષ્ટ થઈ ગયું છે. અમે તો માત્ર એટલા માટે જીવી રહ્યાં છીએ કે તારૂં નામ બાકી રહે. તું આટલી વાત સમજાવી દે કે સાકી (શરાબ પાનાર) વિના જામ (શરાબના પ્યાલા)ની વાસ્તવિકતા શું છે?

(૧૯)

तेरी महफिल भी गई, चाहने वाले भी गअे
शब की आहें भी गई, सुब्ह के नाले भी गअे
दिल तुझे दे भी गअे, अपना सिला ले भी गअे
आ के बेठे भी न थे और निकाले भी गअे
आअे उश्शाक, गअे वादाअे फरदा ले कर
अब उन्हे ढुंढ चरागे रुखे ज़ैबा ले कर

શબ્દાર્થઃ વાદાએ ફરદા = કાલનો વાયદો, રુખે ઝૈબા = સુંદર ચહેરો

ભાવાર્થ : એ સૃષ્ટિના માલિક! હવે તો પરિસ્થિતિ આ છે કે તેં જે મહફિલ સજાવી હતી એ સમાપ્ત થઈ ગઈ છે અને તારા ચાહકો પણ ચાલ્યા ગયાં છે. તારા ચાહનારા આ મહેફિલમાં રાતભર આહોં ભરતા હતા અને સવારના સમયે રડી રડીને તને ફરિયાદ કરતા હતાં પરંતુ હવે આ બધું પણ બંધ થઈ ગયું છે. આ ચાહકોએ તને પોતાનો મહેબૂબ/ પ્રેમી માન્યો અને એનો બદલો પણ મળી ગયો. એમનો સમય એટલો ટૂંકો નીવડ્યો જાણે મહેફિલમાં કોઈ વ્યક્તિગત આવીને હજી બેઠી જ હોય અને એને ત્યાંથી ઉઠાડી બહાર કાઢી મૂકવામાં આવે. તારા જે ચાહકો સાંદર્યરૂપની મનેચ્છાઓ લઈને આવ્યા હતા એને તો તે આવતી કાલના વાયદા ઉપર ટાળી દીધા છે. હવે એમની વાપસી મુશ્કેલ છે ભલે એમને ગમે તે રીતે શોધવામાં આવે.

(૨૦)

दर्के लैलाभी वही कैसका पहलू भी वही
नजद के दश्त व जबल में रमे आहू भी वही
ईश्क का दिलभी वही, हुस्न का जादु भी वही
उम्मतेअहमदे (स.अ.व.) मुरसलभीवही, तूभीवही
फिर यह आज़ूरदगी सेअे गैर सबब क्या मूआनी?
अपने शयदाओं पे यह ग़श्मे गजब क्या मूआनी?

શબ્દાર્થઃ કૈસ = મજનુંનું વાસ્તવિક નામ, નજદ = અરબસ્તાનનો રણપ્રદેશનો એક વિસ્તાર, દશ્ત વ જબલ = જંગલ અને પહાડ, ગજબ = ગુસ્સો

ભાવાર્થ : ઈકબાલ આ પંક્તિઓમાં કહે છે કે લૈલાનું દર્દ પણ એ જ છે અને મજનૂનો પાસો પણ એ જ છે. નજદના રણપ્રદેશમાં આજે પણ ભૂતકાળની જેમ હરણ ચોકડીઓ ભરીને એટલે કે ઉછાળા મારીને ફરે છે. ચાહનારાનું હૃદય પણ પહેલાં જેવું જ છે અને રૂપનો જાદુ પણ એ જ છે. જ્યારે પયગમ્બર મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ઉમ્મત/ સમૂદાય પણ એ જ છે અને અય ખુદા તું પણ એ જ છે જે આદિકાળથી છે. એમ છતાંય મુસલમાનો સાથે આ કેવી નારાજગી છે અને પોતાના ચાહકો સાથે ખોટો વર્તાવ કેમ થઈ રહ્યો છે. (વધુ આવતાં અંકે)

વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું "યુવાસાથી" માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઑફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

—મેનેજર

વિમર્શ

હની ટ્રેપ

● ઉસ્માન ખાન

અમેરિકા, રશિયા, બ્રિટેન, ફ્રાન્સ અને ચીનનો સમાવેશ વિશ્વની પાંચ મહાસત્તાઓમાં થાય છે. સોવિયેત સંઘના વિઘટન અગાઉ આજ પાંચ દેશોને અણુસત્તા તરીકેની માન્યતા મળી હતી. એ જ સમય ગાળામાં બીજા દેશોએ પણ અણુશસ્ત્રો મેળવવા માટેના પ્રયત્નો શરૂ કરી દીધા હતાં. એ દેશોમાં ઇઝરાયલનું નામ સૌથી મોખરે હતું. એમ કહેવાય છે કે ઇઝરાયલે પાશ્ચાત્ય દેશોની મદદથી ૬૦ના દાયકામાં આ ક્ષમતા પ્રાપ્ત કરી લીધી હતી. પરંતુ આંતરરાષ્ટ્રીય દબાણની બીકે તેણે આ ક્ષમતા પ્રાપ્ત કરેલ હોવાની બાબત જાહેર કરી ન હતી.

ઈ.સ. ૧૯૮૬માં દુનિયાને સૌપ્રથમ વખત ઇઝરાયલની અણુશક્તિની જાણ થઈ. નકબના રણમાં આવેલ ઇઝરાયલના ઇન્સ્ટોલેશન DIMONA અંગે ત્યાંના એક કર્મચારી મુર્દકાઈવનોનો એ બ્રિટનના અખબાર "સન્ડેટાઇમ્સ"ને એક મુલાકાત આપી. આ મુલાકાતમાં તેણે ઇઝરાયલના ગુપ્ત અણુ કાર્યક્રમની વિગતો ઉપરથી પહેલી વાર પડદો ઊંચકયો. આના પરિણામે તમામ દુનિયામાં ખળભળાટ મચી ગયો.

હવે ઇઝરાયલની સરકારે નિર્ણય કર્યો કે આ કર્મચારી પોતાના માટે વધુ પ્રશ્નો ઊભા કરે એ પહેલાં એને ઇઝરાયલ પરત લાવી તેની સામે ખટલો ચલાવવો જોઈએ. તેને ફંસાવવા માટે ઇઝરાયલની ગુપ્તચર સંસ્થા મોસાદે એક હનીટ્રેપ અથવા પ્રેમજાળ તૈયાર કરી. મોસાદની એક અત્યંત સુંદર મહિલા એજન્ટે મુર્દકાઈવનોનો સાથે લંડનમાં મૈત્રી બાંધી. તેને પોતાની સુદરતાના મોહજાળમાં ફંસાવ્યો. પછી તેને મનોરંજન માટે રોમ જવાની ઓફર કરી. રોમની એક હોટલમાં તેને નશાકારક દવા એના ભોજનમાં ભેળવી આપવામાં આવી. જયારે એની આંખો ખુલી ત્યારે એની સામે એની સુંદર પ્રેમિકા નહીં બલ્કે ઇઝરાયલની અદાલત હતી. એ અદાલતે તેને દેશદ્રોહ માટે ૧૮ વર્ષની સજા સંભળાવી.

એક વ્યક્તિ સાથે ઉપરની જે ઘટના બની એ દરેક વ્યક્તિની વાસ્તવિક સમસ્યા છે. કસોટીની આ દુનિયામાં દરેક વ્યક્તિ દરેક ક્ષણે યુધ્ધની સ્થિતિમાં છે. એના શત્રુ શૈતાને એની સામે અનેક જાતના Honey Trap પાથરી રાખ્યા છે. પરંતુ માનવી દુનિયાના આ જાળને જાળ નથી ગણતો. તે આખી જિંદગી દુનિયાની બાહ્ય સુદરતા પાછળ દોટ મૂકે છે. આ સુદરતાની પાછળ જહન્નમની જે કેદ છુપાયેલી છે એની તે અવગણના કરે છે. અને આમ અવગણના કરતાં કરતાં ખુદાના ફરિશ્તાઓ મૃત્યુની બેહોશી લઈને અચાનક પ્રગટ થાય છે. અને જયારે તે આંખ ઉઘાડે છે તો તેને જહન્નમની જેલ સિવાય બીજું કાંઈ દેખાતું નથી.

સફળ વ્યક્તિ એ નથી જે દુનિયામાં ખૂબ પ્રગતિ સાધે. ખરેખર સફળ એ છે જે દુનિયાના હનીટ્રેપમાં ફંસાઈ જવાને બદલે ખુદાની જન્નતની કાયમી નો'મતો પ્રાપ્ત કરવાની સફળતા મેળવે.

—●—

Eye Guard Opticals

Irfan Saiyad Mo. : 98252 84358

We make spectacles as per Dr. Prescription. Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara

● ધાર્મિક પરમાર 'ધર્મદ'

મિત્ર વર્તુળ :

યુવા માનસ પર અસર કરતું ઘટક !

વ્હાલા યુવાનો આ ઉંમર પરિપક્વ થઈ ગઈ હોય એવું કહી શકીએ કારણ કે તમે એક બંધનકારક પરિ-ભ્રમણાઓમાંથી છૂટા થઈ પોતાની કારકિર્દી તરફ પ્રયાણ કરવા સઘન થયા છો. આ ઉંમર તમારામાં શારીરિક અને માનસિક ફેરફારો લાવી તમને પરિપક્વતા તરફ લઈ જશે પરંતુ આ ફેરફારોને 'ફેરફાર'ની દૃષ્ટિ કરતાં 'પરિવર્તન'ની દ્રષ્ટિએ જો વિકસાવો તો એક સુંદર ભાવિનું નિર્માણ આપણે કરી શકીએ. યુવા માનસ એક કૂમળી હદ વટાવીને આવેલું માનસ છે. આ મગજ પર તમારા વિચારો કઈ રીતે પડે છે ? તેના પર એનો વિકાસ નિર્ધાર રાખે છે. યુવા માનસ એક નવું માનસ છે કે જે એક કુંડુ છે.અને તમે સમજીને , વિચારીને તેમાં યોગ્ય વૃક્ષ પણ વાવી જ દીધું છે. માત્ર હવે એનુ જતન યોગ્ય દિશામાં થાય એની જરૂર છે .સુસંસ્કારો રૂપી નિત્ય જળ એ છોડને મળવું જોઈએ અને સુસંગત રૂપી ખાતર પણ એના વિકાસ પર મોટી હદે નિર્ધારિત છે.

સુસંગત એટલે શું? તમને નાનપણથી જ વડીલો, શિક્ષકો કહેતા આવ્યા છે કે આપણે સારા મિત્રોની સંગત રાખવી. આપણા શૈક્ષણિક કાળ દરમિયાન પણ આપણે એવું ભણ્યા કે 'મિત્ર એવો શોધવો ઢાલ સરીખો હોય.. સુખમાં પાછળ પડી રહીને દુઃખમાં આગળ હોય' પણ એ સમયે આ વાતને આપણે ગુરૂજનોના મહોણાં-ટહોણાં કે એક હોમવર્કના સ્વરૂપે જ જોયું પણ એને મૌલિકતજના સ્વરૂપે જોવાની જરૂર હતી. જોકે બાળપણમાં આપણા મિત્રો કોણ હોય? શેરી મિત્રો, શાળાના મિત્રો, ટ્યુશનના મિત્રો વગેરે.. પણ આ યુવાવસ્થામાં મિત્ર વર્તુળ (friend circle)એ આપણા વિકાસ પર મોટી અસર કરે છે. હવે તમે એક હદ વટાવી છે અને તમારા બેસ્ટ ફ્રેન્ડ એક-બે નહીં પરંતુ આખું ગ્રુપ હશે. પણ



જો એમાં અવળી અસર થઈ તો ભવિષ્ય એક મોટા અખાડામાં નંખાઈ જશે. અને યોગ્ય ગ્રુપ મળે તો આપણી અધોગતિમાંથી પણ પ્રગતિના શિખરો સર થાય. એક-બે વાર ફ્રેન્ડને ચકાસીને એટલે જ કે એના ગુણો, દુર્ગુણો, આદત, પરિવાર, બોલચાલી જેવા મુદ્દાઓ ચકાસ્યા બાદ જ મિત્રતા કરવી. જો આમાંથી કંઈ યોગ્ય ન લાગે તો છુટ્ટા હાથે મિત્રતા રદ્ કરવી અને દૂર રહેવું. મિત્રો વગર પણ જીવી જ શકાય છે . એના કરતાં સારા મિત્રો ભેગા રહેતા શીખવું એ યોગ્ય ગણાય પણ એના બદલામાં જો ખરાબ મિત્રો મળી જાય તો આપણે કંગાલ થઈ જઈએ. બધું ખોઈ બેસીએ! રોજ તમને એની બાઈક પર બેસાડીને પાનના અડ્ડા સુધી લઈ જાય એ મિત્રને તમે 'મિત્ર' કહો છો ? ના.. જે મિત્ર પાસે ભલે બાઈક ન હોય પણ સદગુણો સારા હોય એવા જ મિત્રોની પસંદગી કરવી. પાર્ટીઓમાં જવું, વ્યસન કરવું, જુગાર રમવો તથા અન્ય કોઈ અનૈતિક બાબતમાં ગૂંચવાતા મિત્રો સાથે જરાય રહેવું નહીં. એક વાર તમે મિત્ર વર્તુળ પાક્કું અને સુદ્રઢ બનાવ્યું પછી કહેવાય કે તમે તમારો પાયો એકદમ પાક્કો કરી નાખ્યો છે. આગળ જતાં તમારા ઘડતરમાં કોઈ પણ હલચલ પણ થશે તો પાયામાં રહેલા પાયા તમને પડતાં બચાવવાની પૂરી કોશિશ કરશે. અને બીજી બાજુ ખરાબ સર્કલ હશે તો કઈ રીતે પાડવું ? એના અખતરા કરશે.

હવે ચોઈસ ઈઝ યોર! કે કયા મિત્રોને જીવનમાં એન્ટ્રી આપવી છે અને કયા મિત્રને હાઉસફૂલ કહેવું છે.

: ચુસ્કી :

''મિત્રો તો ઉગતી કંઈ વેલડીના પાન !
એવા મિત્રોની પકડવી આંગળી જે
બતાવે સાચું ભાન ...
મિત્રો તો ઉગતી કંઈ વેલડીના પાન !''

સોશ્યલ્ મીડિયાના સથવારે

માબાપ માટે એસાઇનમેન્ટ!!

ચેન્નઈની એક શાળાએ પોતાના બાળકોને વેકેશનનું જે એસાઈમેન્ટ આપ્યું છે તે સમગ્ર દુનિયામાં વાયરલ થઈ રહ્યું છે.

કારણ માત્ર એટલું કે તેને અત્યંત સમજી વિચારીને બનાવવામાં આવ્યું છે. તેને વાંચીને અહેસાસ થાય છે કે આપણે વાસ્તવમાં ક્યાં આવી પહોંચા છીએ. અને આપણા બાળકોને શું આપી રહ્યા છીએં. અન્નાઈ વાયલેટ મેટ્રીક્યુલેશન એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના બાળકો માટે નહીં બલ્કે માબાપ માટે હોમવર્ક આપવામાં આવ્યું છે, જેને દરેક વાલીએ વાંચવું જોઈએ, વિચારવું જોઈએ, અમલ કરવો જોઈએ. તેઓએ લખ્યું છે...

પાછલા ૧૦ મહીના તમારા બાળકની સારસંભાળ લેવામાં અમને ખૂબ સારૂં લાગ્યું.. અમને ગમ્યું.. તમે ધ્યાન આપ્યું હશે કે તેમને સ્કૂલમાં આવવું ખૂબ સારૂ લાગતું હતું. આગળના બે મહિના તેમના પ્રાકૃતિક સંરક્ષક એટલે કે તમે તેમના સાથે રજા ગાળશો. અમે તેમને અમુક ટિપ્સ આપી રહ્યા છીએ જેનાથી આ રજાનો ગાળો તેમના માટે ઉપયોગી અને આનંદદાયક સાબિત થાય.

- પોતાના બાળકો સાથે ઓછામાં ઓછુ બે વખત ખાવાનું જરૂર ખાઓ. તેમને ખેડૂતોનું મહત્ત્વ અને તેમના સખત પરિશ્રમ વિષે માહિતી આપો અને તેમને બતાવો કે પોતાના જમવાનો બગાડ ન કરે.
- ખાધા પછી તેમને પોતાની પ્લેટ પોતે ધોવા દો. આ પ્રકારના કામોથી બાળકો શ્રમ અને મહેનતની કિંમત સમજશે.
- તેમને પોતાના સાથે ખાવાનું બનાવવામાં મદદ કરવા દો. તેમને તેમના માટે શાક કે સલાડ બનાવવા દો.
- ત્રણ પાડોશીઓના ઘરે જવા દો. જેમના વિષે વધુ જાણકારી મેળવે અને ઘનિષ્ટતા કેળવે.
- દાદા-દાદી અને નાના-નાનીના ઘરે જાય અને તેમને બાળકો સાથે મળવા દો. તેમનો પ્રેમ અને ભાવનાત્મક સહારો અમારા બાળકો માટે ખૂબ જરૂરી છે.
- બાળકોને પોતાના કામ કરવાના સ્થળે લઈ જાવ જેનાથી તેઓ સમજી શકે કે તમે પરિવાર માટે કેટલી મહેનત કરો છો.
- કોઈ પણ સ્થાનિક સમારંભ કે અઠવાડીક બજાર (ગુજરી)માં લઈ જવાનું ન ચૂકશો.
- પોતાના બાળકોને કિચન ગાર્ડ બનાવવા માટે બીજ વાવવા પ્રેરિત કરો, વૃક્ષ અને છોડ વિષયક જાણકારી હોવી એ પણ તમારા બાળકના વિકાસ માટે જરૂરી છે.
- પોતાના બાળપણ અને પોતાના પરિવારના ઇતિહાસની બાળકોને જાણકારી આપો.
- પોતાના બાળકોને ઘર બહાર જઈને રમવાદો, ઘા પડે તો પડવા દો, પાટા પિંડી કરતા શિખવો, ગંદા થવા દો, ક્યારેક પડવું અને પીડા સહન કરવી તેમના માટે સારૂ છે. સોફાના નરમ ગાદલા જેવું જીવન તમારા બાળકોને આળસુ બનાવી દેશે.
- તેમને અમુક લોકગીત સંભળાવો - કવિતા કે શાયરી કે ગઝલ જેવું કંઈક.
- પોતાના બાળકોને રંગબેરંગી ચિત્રોવાળી અમુક સારી વાર્તાઓની પુસ્તિકાઓ લાવી આપો.
- પોતાના બાળકોને ટીવી, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને ઇલેકટ્રોનિક સાધનોથી દૂર રાખો. આ બધા માટે સમગ્ર જીવન પડ્યું છે.
- તેમને ચોકલેટ, જેલી, ક્રીમકેક, ચિપ્સ ગેસવાળા પીણા-પદાર્થ અને પફ જેવી બેકરી પ્રોડક્ટ્સ અને સમોસા-પકોડી જેવા તળેલા ખાદ્ય પદાર્થ આપવાથી બચો.
- પોતાના બાળકોની આંખોમાં જુઓ અને ઈશ્વરનો આભાર માનો કે તેણે આટલી સરસ ભેટ તમને આપી છે. હવે આગળ આવનારા અમુક વર્ષોમાં તેણે નવી ઊંચાઈઓ સર કરવાની છે.
- માબાપ હોવાના નાતે એ અત્યંત જરૂરી છે કે તમે આ રજા દરમ્યાન તમારા બાળકોને મહત્તમ સમય આપો.

જો તમે માતા-પિતા છો તો આ વાંચીને તમારી આંખો જરૂર ભીની થઈ હશે. અને આંખો જો ભીની છે તો કારણ સ્પષ્ટ છે કે તમારા બાળકો ચોક્કસ આ બધી બાબતોથી દૂર છે. આ એસાઈમેન્ટમાં લખેલ એક એક શબ્દ એ બતાવી રહ્યો છે કે જ્યારે આપણે નાના હતા તો આ તમામ વાતો આપણી જીવન શૈલીનો ભાગ હતી. જેના સાથે જ આપણે મોટા થયા છીએ, પરંતુ આજે આપણા જ બાળકો આ તમામ ચીજોથી વંચીત અને દૂર છે. જેનું કારણ આપણે પોતે જ છીએ... —●—

● એ'જાઝ અહમદ અસ્લમ

જમાઅતે ઇસ્લામી હિંદ પડકારો અને તકો

દેશભરમાં પથરાયેલ ઇસ્લામિક સંગઠને, એક ૪૬ વર્ષના યુવાન સૈયદ સાદતુલ્લાહ હુસૈની, જેઓ અદ્યતન શિક્ષણ સાથે ઇસ્લામિક સ્કોલર છે અને સ્ટૂડન્ટસ ઇસ્લામિક ઓર્ગેનાઈઝેશન ઓફ ઇન્ડિયાના માજી પ્રમુખ રહી ચુક્યા છે, તેમને અમીર (પ્રમુખ) તરીકે ચૂંટી લીધા. તેઓ નાંદેડ મહારાષ્ટ્રના વતની છે અને હૈદરાબાદ તેમની કર્મ ભૂમિ રહેલ છે. તેઓ પ્રબુદ્ધ વર્તુળમાં એક પ્રખર ચિંતક લેખક અને વક્તા તરીકે વિખ્યાત છે. પોતાની નવી કારકિર્દીની શરૂઆત ૭મી એપ્રિલ ૨૦૧૯ના રોજ, જમાઅતે ઇસ્લામી હિંદની પ્રતિનિધિ સભા જેમાં ૧૫૭ લોકો (૧૨૭ પુરુષ અને ૩૦ મહિલા) સામેલ છે તેમની સમક્ષ નવી દિલ્હીમાં પોતાના વક્તવ્યથી કરી.

આ ઉદબોધનમાં તેઓએ દુનિયાભરમાં ફેલાયેલા તથા ભારતવર્ષમાં પ્રચલિત ઇસ્લામો-ફોબીયાના વાતાવરણ, તથા ગેરસમજો અને મુસ્લિમ ધિક્કાર બાબતે વિસ્તૃત વાતચીત કરી. તેઓએ જણાવ્યું કે એક તરફ મુસ્લિમો માટે આ ભારે પડકાર ભરેલુ વિશ્વ છે તો બીજી તરફ તે મુસલમાનોને ઇસ્લામનો સાચો સંદેશ પહોંચાડવાની તક પૂરી પાડે છે. જેટલા મોટા પડકારો હોય છે એટલી જ વધુ તકો તે સાથે લઈને આવે છે, તેમ તેઓએ સ્પષ્ટ જણાવ્યું. આ દેશમાં ૧૩૫ કરોડ લોકો વસી રહ્યા છે જેમાં ૧૯ કરોડ મુસ્લિમો છે અને તેમાં ઘણા યુવાનો છે. ૩૫ વર્ષથી નીચે ૬૫ ટકા લોકો છે. ઇસ્લામ હાલ એક મોટો

સૈયદ સાદતુલ્લાહ હુસૈની

પ્રશ્નાર્થ જણાઈ રહ્યો છે, જે બાબતે ખુલાસા અને જવાબો આપવાની જરૂર છે. તેઓએ જમાઅતની કેડરને આ પડકાર ઉપાડી લેવા આહ્વાન કર્યું અને જણાવ્યું કે તે મુસ્લિમ ઉમ્મતનું સશક્તિકરણ કરી તેને સજ્જ કરી ઇસ્લામનો સંદેશ લોકોને પહોંચાડી તેમનું નૈતિક, સામાજિક, અને આર્થિક ઉત્થાન કરે.

સૈયદ અબૂલ હસન અલી નદવી સાહબને ઉલ્લેખી આપે જણાવ્યું કે આપણે ત્રણ મહાપુરૂષોના બેસાડેલ સોનેરી દૃષ્ટાંતો દૃષ્ટિ સમક્ષ રાખવા જોઈએ. આ હતા, ખાલિદ બિન વલીદ રદિ., ઇમામ હસન રદિ. અને ખલિફા ઉમર બિન અબ્દુલ અજીઝ. ખાલિદ બિન વલીદ રદિ.ને સેનાપતિ પદેથી પદોચ્યુત કરી, તે સમયના ખલિફા હજરત ઉમર બિન ખત્તાબે રદિ., એક સામાન્ય સિપાહી પદે મૂકી દીધા. પરંતુ, આજ્ઞાંકિત બની આ હુકમ સ્વીકારી તેઓએ કહ્યું "જો હું ઉમર માટે લડતો હોત તો હું વાંધો લેતો. પરંતુ હું અલ્લાહની રાહમાં લડી રહ્યો છું, ફક્ત તેની રજા સારૂ. તેથી આ આદેશ માથે ચઢાવી એક અદના સિપાહી તરીકે નવા સેનાપતિ અબુ ઉબઈદહ બિન જર્રહ રદિ.ના હાથ નીચે લડતો રહીશ."

ઇમામ હસન રદિ.એ હઝરત મુઆવિયા રદિ. સામે સંઘર્ષ ત્યજી શાંતિ કાજે, ઉમ્મતના હિતમાં યુદ્ધ ટાળ્યું તે અદ્વિતીય છે. ઉમર બિન અબ્દુલ અઝીઝ જે ઉમય્યદ સલ્તનતના પાટવી કુંવર હતા અને વૈભવી છોળોમાં ઉછર્યા હતા તેઓ ખલિફા બન્યા તો બધું ત્યજી અને ઇસ્લામના કાજે બધી જ દુશ્વારીઓ ગળે લગાડી દીધી અને મુસ્લિમ ઉમ્માનો વ્યાપ વધાર્યો.

જનાબ સાદતુલ્લાહ હુસૈનીએ તત્કાલીન અમીર જલાલુદ્દીન ઉમરી સાહેબની સેવાઓને બિરદાવી, જેઓએ સતત ૧૨ વર્ષ જમાઅતે ઇસ્લામી હિંદનું માર્ગદર્શન કર્યું અને તેમને તેમના સંવર્ધક અને પથદર્શક ગણાવ્યા તથા આ આશા વ્યક્ત કરી કે ભવિષ્યમાં પણ તેઓનું માર્ગદર્શન આ જ રીતે મળી રહેશે.

જમાઅત, મુસલમાનો અને દેશ હાલ જે આંતરિક તેમજ બાહ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે તેના હલ માટે તેઓ બધું કરી છૂટશે, તેવી હૈયાધારણ તેઓએ આપી.

જમાઅતના વડીલો અને અનુભવી સભ્યોના સથવારે અને અલ્લાહની મદદથી જમાઅત અગ્રેસર રહી મુસ્લિમોનું પ્રશિક્ષણ કરશે જેથી ઉમ્મત તથા દેશના ઉજ્જવળ ભવિષ્ય સારૂ તે કાર્યાન્વિત રહે, તેમ તેઓએ જણાવ્યું. —●—

● ખાન યાસિર

એક દિવસ, બે ઘટનાઓ

''લોકો પણ કેટલા અભણ હોય છે!'' શમ્સે ગુસ્સામાં કહ્યું.

''કેમ શું થયું?'' કમરે સંતોષ સાથે પૂછ્યું.

''લગભગ બે કલાકથી ટ્રાફિકમાં ફસાઈને આવી રહ્યો છું. કંટાળી ગયો છું.'' શમ્સે રૂમાલ કાઢીને માથાનો પસીનો સાફ કર્યો.

''તમે તો બેકારની વાત કરી રહ્યા છો. પવન, તોફાન, વરસાદ, ભૂકંપ અને ટ્રાફિક જામ ઉપર ક્યાં કોઈનું નિયંત્રણ છે?'' કમરે ફિલોસોફિકલ શૈલીમાં કહ્યું.

''મારો ગુસ્સો કુદરતી ટ્રાફિક જામ ઉપર નથી, બલ્કે કૃત્રિમ અને જબરદસ્તીના ટ્રાફિક જામ ઉપર છે,'' શમ્સ વિગતો જણાવવા લાગ્યો. ''થયું એમ કે એક કલાક અને ચાલીસ મિનિટના જામ પછી જ્યારે અમે આગળ વધ્યા તો ખબર પડી કે એક સાયકલ-રીક્ષાવાળાએ ભૂલથી એક હોન્ડાસીટી કારને હળવી ટક્કર મારી દીધી. કારવાળાએ ત્યાં જ ગાડી રોકી દીધી અને ઉતરી ગયો. ગાડીને એક નજરે જોયા વગર રીક્ષાવાળાનો કોલર પકડી લીધો અને તમાચા પર તમાચા મારવા લાગ્યો. ભીડ જમા થઈ ગઈ અને પોલીસ પણ આવી ગઈ. પાછળ ન જાણે કેટલા કિલોમીટર સુધી ગાડીઓ, મોટરસાયકલ, ટ્રક અને વિવિધ વાહનો ઊભો થઈ ગયા. પોઈન્ટની વાત તો આ છે કે ગાડીને સ્ક્રેચ પણ આવ્યો ન હતો. મારો ઓટોવાળો એક સાક્ષી તરીકે આગળ જઈને આખી વિગતો સાંભળી આવ્યો હતો, અને તે ગાડીવાળાને ખૂબ ગાળ આપી રહ્યો હતો.''

શમ્સ અને કમર બન્ને બાળપણના મિત્ર હતા. કમર નોકરી માટે મુંબઈ સ્થળાંતરિત થઈ ગયો હતો. કાલે જ સાત દિવસની

રજા ઉપર દિલ્હી પરત ફર્યો હતો. ઘણા દિવસો પછી મોકળા મને વાતો કરવાનો અવસર મળ્યો હતો.

''મને ગાડીવાળાથી સહાનુભૂતિ છે.'' કમરે વિચારીને કહ્યું.

''તમે ગાંડા થઈ ગયા છો? '' શમ્સ વિશ્વાસ ન થયો.

''જુઓ હું ડ્રાઈવિંગ કરૂ છું. અને ગાડી ચલાવવાનો એક નિયમ છે. દુર્ઘટના થયા પછી જે ગાડીમાંથી પહેલા બહાર નીકળે છે, વધારે જોરથી બૂમો પાડે છે, તેને સાચો સમજવામાં આવે છે. જો ત્યાં સજ્જનતા બતાવશો તો ખૂબ માર પડશે.

આજનો જમાનો ઈમાનદારીનો નથી. કદાચ હું પણ એ જ રીક્ષાવાળાને બોલતો, શક્ય છે ફટકારતો પણ. ખરો જો તે ગાડીવાળો કશું ન બોલતો તો એ રીક્ષાવાળો તેના માથા ઉપર ચઢી જતો.'' કમરે સમજાવવાનો પ્રયત્ન કર્યો.

આટલામાં દરવાજાની બેલ વાગી. કમરે દરવાજો ખોલ્યો.

''અસ્સલામુ અલયકુમ'' મુબશ્શિરે અંદર આવી કહ્યું. હાથ મિલાવ્યા અને ખેરખેરીયત પૂછી.

મુબશ્શિર પણ શમ્સ અને કમરનો જુનો મિત્ર હતો. તે કોમ્પ્યુટરનો નિષ્ણાંત હતો. તેણે પાછલા વર્ષે જ એક સોફ્ટવેર કંપનીની શરૂઆત કરી હતી.

''વ અલયકુમ અસ્સલામપ ચાલીએં'' કમરે ઉત્તર આપ્યો.

''ક્યાં?'' શમ્સે પૂછ્યું.

''હું કમરને મારી ઓફિસ બતાવવા જઈ રહ્યો છું.'' મુબશ્શિરે ઉત્તર આપ્યો.

''હું પણ આવું?'' શમ્સે પુછ્યું.

''ના'' મુબશ્શિરે ઈનકારમાં માથું હલાવ્યું, ''અમે મોટરસાયકલ ઉપર જઈ રહ્યા છીએ અને ટ્રીપલ

સવારી કાયદાની વિરુદ્ધ છે.'' ''સહેજ કાયદો તોડી શકાય છે.'' કમરે સ્માઈલ આપતા કહ્યું.

''તમે કોને સમજાવી રહ્યા છો? આ જમાઅતે ઈસ્લામીનો કાર્યકર્તા છે, ખોટું બોલવું, લાંચ લેવી, કાયદાનો ભંગ કરવોપ. આ બધું આના વશની વાત નથી.'' શમ્સની આ વાત પર બધા હસવા લાગ્યા. ''ઠીક છે આમ પણ મારે કંપનીમાં જવું છે. તમે બંને સાંજે ફ્રી છો?'' ત્રણેય મિત્રોએ નક્કી કર્યું કે સાંજે ભોજન સાથે લઈશું. પછી શમ્સ પોતાની કંપનીમાં રવાના થઈ ગયો. મુબશિર, કમરને લઈને પોતાની ઓફસ માટે નીકળી ગયો.

મુબશિર અને કમર સાંજની હળવી શિયાળાની આનંદ માણતા, જુની દિલ્હીમાં ભાડાની ઓફિસની તરફ જઈ રહ્યા હતા. ઓફિસ અડધો કિલોમીટર દૂર જ હતી કે અચાનક એક દુર્ઘટના બની. થયું એમ કે મુબશિરે હોર્ન મારીને પોતાની મોટરસાયકલ એક ગલીમાં જવા દીધી, ઉલ્ટી દિશાથી એક ઓટોવાળા ઝડપથી આવ્યો અને ટક્કર મારી દીધી. મુબશિર અને કમર બંને નીચે પડી ગયા. મોટરસાયકલ મુબશિર ઉપર પડી હતી. કમર તો કપડા સાફ કરીને ઊભો થઈ ગયો, તેના જમણા હાથ ઉપર હળવી જખ્મ આવી હતી પરંતુ બિચારો મુબશિર પોતાના ઘુંટણ ઉપર હાથ મુકીને ઉઠયો. પાછળ બે ત્રણ ગાડીઓ બીજી રોકાઈ ગઈ. લોકો ઉતરવા લાગ્યા. કમર ઓટોવાળા સામે ધસી જવા ગયો પરંતુ મુબશિરના બોલવાથી રોકાઈ ગયો. બંને જણાએ મોટરસાયકલ ઉઠાવી અને ગલીના એક ખૂણામાં ઉભી કરી દીધી. ''તમે લોકો હેરાન ન થાવ'' મુબશિરે લોકોને પોતપોતાની ગાડીઓમાં બેસવાનો અનુરોધ કર્યો. લોકો પોતપોતાના રસ્તે નીકળી ગયા. રીક્ષાવાળો અત્યાર સુધી હાથ જોડીને ઉભો હતો. મુબશિરે તેનાથી કહ્યું, ''તમે રોંગ સાઈડથી આવી રહ્યા હતા અને હોર્ન પણ ન વગાડયો'' રીક્ષાવાળો ખામોશ હતો. ''સારૂં જાઓ.'' મુબશિરે એક સ્માઈલ આપીને તેને સંકેત આપ્યો અને તે રીક્ષાવાળો મુબશિરને દુઆઓ આપતો નીકળી ગયો. ''હવેથી હું રોંગ સાઈડ પર વાહન નહીં ચલાવીશ'' તે જતા-જતા વાયદો કરતો ગયો.

કમર ફકત મુબશિરને જોતો રહ્યો. તે એવી દુર્ઘટના ક્યારેય નહોતી જોઈ હતો કે કોઈને પરેશાની ન થઈ હોય અને મામલો એમ ક્ષમા-યાચનાથી ઉકેલાઈ ગયો હોય. કમરને વધારે આશ્ચર્ય ત્યારે થયું કે જ્યારે તેણે જખ્મ જોયું કે મુબશિરના ઘુંટણમાં ગંભીર જખ્મ થયું છે અને તેમાંથી લોહી પણ નીકળી રહ્યું છે. તે મુબશિરને લઈને હોસ્પિટલ ગયો. ''તમે શા માટે એમને માર્યા નહીં. ઓછામાં ઓછો દવાનો ખર્ચ માંગવાનો જ હતો'' કમરે હોસ્પિટલમાં મુબશિરથી પૂછયું. ''લડાઈ કરવામાં ફાયદો કોઈનો હોતો નથી. તાકત અને સમય બરબાદ થાય છે. લોકો હેરાન થાય છે તે અલગ. બિચારો ગરીબ માણસ હતો. ઈન્શાઅલ્લાહ હવે આવી ભૂલ એ ક્યારેય નહીં કરે. અનેપ'' મુબશિરર અચાનક જ ખામોશ થઈ ગયો. ''અને શું?'' કમરે પુછયું. ''અને અલ્લાહના રસૂલ સ.અ.વ.એ એક હદીસમાં જણાવ્યું છે કે જો તમે ઈચ્છતા હોવ કે આકાશવાળો તમારા ઉપર દયા કરે, તમારી ભૂલોને માફ કરી દે તો ધરતીવાળા ઉપર દયા કરવાનું અને તેમની ભૂલો પર ક્ષમા કરવા શીખી લો.'' કમરના દિલમાં મુબશિર માટે સન્માન માટે વધારો થઈ ગયા. આ ઘટના પહેલા જ્યારે મુબશિર કમરને દીને ઈસ્લામની સારી સારી વાતો બતાવતો હતો તો કમર આ કહેતો કે આ બધી ફકત બોલવાની વાતો છે, આના ઉપર આજના સમયમાં અનુસરણ નહીં થઈ શકે. પરંતુ આજે તેને વિશ્વાસ થઈ ગયો કે મુબશિર જેવો નેક માણસ જે કહે છે તેના પર અમલ પણ કરે છે ''આ દુનિયાના લોકો કેટલા પણ દૃષ્ટ હોય''

કમરે પોતાની જાતથી વાયદો કર્યો, ''હવે હું હંમેશા નેકીના રસ્તા ઉપર ચાલીશ.'' —●—



તરાવીહ ટૂંકસાર

₹ ૬૦/-

રમઝાનુલ મુબારક કુર્આને હકીમના અવતરણનો મહિનો છે,
આ સરળ ભાષા-શૈલી તરાવીહ ટૂંકસારને...

- પોતે વાંચો, બીજાને વંચાવો.
- ઘરે પરિવાર સાથે મળીને વાંચો.
- મસ્જિદમાં તરાવીહની નમાઝ પછી દરરોજ સાંભળવા અને સંભળાવવાની વ્યવસ્થા કરો.

ઇન્શાઅલ્લાહ દુનિયામાં સફળતા અને આખેરતમાં નજાત પ્રાપ્ત થશે.

હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એક એવું નામ છે જેમણે સમગ્ર માનવતા પર અસીમ ઉપકાર કર્યો છે. આપ સ.અ.વ.ના જીવન-ચરિત્ર પર ઘણું લખાયું છે અને કયામત સુધી લખાતું રહેશે. પરંતુ નઈમ સિદ્દીકી સાહેબે પ્રેમના દરિયામાં ગરકાવ થઈ સાહિત્યિક શૈલીમાં આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સમગ્ર જીવનચરિત્રને જે રીતે આવરી લીધું છે તે બેનમૂન છે. વર્ષોથી 'મુહસિને ઇન્સાનિયત' ના ગુજરાતી અનુવાદની રાહ જોવાતી હતી. અત્રે એ પુસ્તકનો ગુજરાતી અનુવાદ આપની સમક્ષ મૂકતાં હરખની લાગણી અનુભવીએ છીએ. દરેક વ્યક્તિએ ઘરમાં વસાવવા જેવું પુસ્તક.



₹ ૪૨૫/-

લેખક
નઈમ સિદ્દીકી

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

બી-૩૦૩, કરિશ્મા કોમ્પલેક્ષ, સારણી સોસાયટી કોર્નર, ૧૩૨ ફૂટ રિંગરોડ, જુહાપુરા,
અહમદાબાદ - ૩૮૦૦૫૫. ફોન : ૨૬૮૨૯૩૧૮, ૨૬૮૨૨૬૪૩

YUVASAATHI GUJARATI MONTHLY
yuvasaathi.monthly@gmail.com

IF NOT DELIVERED PLEASE RETURN TO:
YUVASAATHI (GUJARATI MONTHLY)
B/4, Karishma Complex, Nr. Sarni Society,
Juhapura, Ahmedabad - 380055

Registered Under RNI No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2019-2021
Issued by SSP, Ahmedabad Valid Upto 31/12/2021

PUBLISHED AT 1ST OF EVERY MONTH
PERMITTED TO THE POST OF A'BAD PSO
ON 3RD OF EVERY MONTH

VISION 2026

Creating Partnership with the Needy

RAMADAN PROJECT APPEAL 2019

ACCOUNT DETAILS:

HUMAN WELFARE FOUNDATION

CURRENT A/C NO.	BANK
13020200052051	FEDERAL BANK
BRANCH	**IFSC**
NEHRU PLACE NEW DELHI - 19	FDRL0001302

(email us the detail of transaction with your postal address
At account@hwfindia.org or whatsapp +91 70428 92026)

A SMALL CONTRIBUTION FOR A IFTAR KIT 3000/-INR

Ingredients: Rice, Wheat, Flour, Oil, Salt, Pulses, Grain, Besan, Tea, Milk Powder, Dates Rooh Afza etc.

DONATE NOW

vision2026in

www.vision2026.org.in

HUMAN WELFARE FOUNDATION

HUMAN WELFARE FOUNDATION
E-89, 4th Floor, Hari Kothi Lane, Abul Fazl Enclave, Jamia Nagar, New Delhi - 110025
Ph: +91 11 29945999 | Mb: +91 70428 98312 / 70428 98307 | Email: pr@hwfindia.org